અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
એનિમલ ફેમ તૃપ્તિ ડિમરી સિદ્ધાંત ચતુર્વેદીની સાથે જોવા મળશે, જાતિવાદ..



પેજ-09
IPL ફાઈનલ બાદ ગંભીરની મુલાકાત જય શાહ સાથે થઈ : ટીમ ઈન્ડિયા..

હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 42.00 | 28.00 |
| વડોદરા | 39.00 | 29.00 |
| સુરત | 33.00 | 29.00 |

પેજ 5



ડો. રશ્મિ સલુજા આંતરરાષ્ટ્રીય બુદ્ધ શાંતિ પુરસ્કાર મેળવે છે

29 MAY-2024 WEDNESDAY

શેખ હસીનાએ કહ્યું : બાંગ્લાદેશને તોડવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે...



પેજ 10

શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 75170.45 | ▼ | 220.05 |
| નિફ્ટી | 22888.15 | ▼ | 44.30 |
| સોનું | 72,129.00 | ▲ | 120.00 |
| ચાંદી | 95,200.00 | ▲ | 592.00 |

વર્ષ-13 । અંક-194 । વિક્રમ સંવત-2080 । વૈશાખ વદ-06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષને આડે હાથ લીધા

# મેં છેલ્લાં 24 વર્ષથી એટલી ગાળો ખાધી છે કે હવે હું ગાળ પ્રૂફ બની ગયો છું : મોદી

## મને મોત કા સૌદાગર અને ગટરનો કીડો કહ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 28

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક સમાચાર એજન્સીને ઈન્ટરવ્યુ આપ્યો છે. જેમા પીએમ મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન અંગત હુમલા સાથે જોડાયેલા સવાલના જવાબ આપતા કહ્યું હતું કે, 'ભૂતકાળમાં કોઈએ મને મોતનો સોદાગર તો કોઈએ મને ગંદી નાળાનો કીડો કહ્યો હતો. 24 વર્ષથી મારી સાથે થઈ રહેલા આવા વ્યવહારથી હવે હું ગાલીપ્રૂફ બની ગયો છું.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ટરવ્યું આપતા વધુમાં કહ્યું કે, 'સંસદમાં અમારા એક સહયોગીએ 101 અપશબ્દોની ગણતરી કરી હતી, ચૂંટણી હોય કે ન હોય, આ લોકો (વિપક્ષ) માને છે કે અપશબ્દ આપવાનો તેમનો અધિકાર છે અને તેઓ એટલા હતાશ-નિરાશ થઈ ગયા છે કે ગાળો અને અપશબ્દોનો બોલવા તેમનો સ્વભાવ બની ગયો છે. ઓડિશાને લઈને વડાપ્રધાન મોદીએ કહ્યું કે 'ઓડિશાનું ભાગ્ય બદલવાનું છે. ત્યાં સરકાર બદલાઈ રહી છે. વર્તમાન ઓડિશા સરકારની છેલ્લી તારીખ 4 જૂન છે અને 10 જૂને ભાજપના મુખ્યમંત્રી ઓડિશામાં શપથ લેશે.' સંસદમાં અમારા એક સાથીદારે ગણતરી કરીને મને કહ્યું કે મને 101 વખત ગાળો આપવામાં આવી છે. ચૂંટણી હોય કે ન હોય, વિપક્ષ માને છે કે તેમને ગાળો આપવાનો અધિકાર છે. તેઓ એટલા હતાશ થઈ ગયા છે કે મને ગાળો આપવી તેમનો સ્વભાવ બની ગયો છે. કોંગ્રેસના નેતાઓએ ગૃહમાં કહ્યું હતું કે ભાજપ PSUનું ખાનગીકરણ કરીને અનામતને ભૂંસી રહી છે. આ સત્ય નથી. કોંગ્રેસે શૈક્ષણિક સંસ્થાઓને રાતોરાત લઘુમતી સંસ્થાઓમાં ફેરવી દીધી હતી. દિલ્હીની જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીમાં તમામ રિઝર્વેશન સમાપ્ત થઈ ગયા છે.



### TMC બંગાળમાં અસ્તિત્વ માટે લડી રહી છે

લોકસભા ચૂંટણીના છેલ્લા તબક્કા પહેલા પીએમ મોદીએ પશ્ચિમ બંગાળમાં ટીએમસીના શાસન વિશે ચર્ચા કરી છે. તેમણે કહ્યું કે ટીએમસી બંગાળમાં પોતાના અસ્તિત્વ માટે લડી રહી છે. ન્યૂઝ એજન્સી ANIને આપેલા ઈન્ટરવ્યુ દરમિયાન મોદીએ કહ્યું- પશ્ચિમ બંગાળમાં ગત વિધાનસભા ચૂંટણીમાં અમારી પાસે 3 ધારાસભ્યો હતા. આ પછી બંગાળના લોકો અમને 80 ધારાસભ્યો સુધી લઈ ગયા. ટીએમસીના લોકો નારાજ છે. ત્યાં સતત હત્યાઓ થઈ રહી છે. ચૂંટણી પહેલા ભાજપના કાર્યકરોને જેલમાં પુરવામાં આવી રહ્યા છે. લોકસભા 2024ની ચૂંટણીના અંતિમ તબક્કાના મતદાન માટે રાજકીય પક્ષો છેલ્લો દાવ ચલાવી રહ્યા છે.

**આ વખતે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્ય પશ્ચિમ બંગાળ છે :** બંગાળની ચૂંટણીના વાત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'ટીએમસી બંગાળની ચૂંટણીમાં અસ્તિત્વ માટે લડી રહી છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં અમે 3 પર હતા અને બંગાળના લોકો અમને 80 પર પહોંચાડી દીધા. છેલ્લી ચૂંટણીમાં અમને જંગી બહુમતી મળી હતી. આ વખતે સમગ્ર ભારતમાં જો કોઈ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્ય હોય તો તે પશ્ચિમ બંગાળ છે. પશ્ચિમ બંગાળમાં ભાજપને સૌથી વધુ સફળતા મળી રહી છે.

## ડેરા મેનેજર રણજિત હત્યાકાંડમાં રામરહીમ નિર્દોષ

### હાઈકોર્ટે CBI કોર્ટનો નિર્ણય રદ કર્યો, પત્રકાર હત્યા કેસ, સાધ્વી કેસમાં જેલમાં જ રહેશે



(એજન્સી) ચંદીગઢ । તા. 28

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ડેરા મેનેજર રણજિત સિંહની હત્યાકાંડમાં ડેરા સચ્ચા સૌદા ચીફ રામરહીમને નિર્દોષ જાહેર કર્યો છે. CBI કોર્ટે રામરહીમ સહિત 5 આરોપીઓને આજીવન કેદની સજા સંભળાવી હતી. હાઈકોર્ટે CBI કોર્ટના આ નિર્ણયને રદ કર્યો છે. રામરહીમ હાલ રોહતકની સુનારિયા જેલમાં બંધ છે. તે 3 કેસમાં જેલવાસ ભોગવી રહ્યો હતો. રણજિત હત્યાકેસ સિવાય, તેમાં પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યા અને સાધ્વીઓના યૌન શોષણનો કેસ સામેલ છે. તેને પત્રકારની હત્યામાં આજીવન કેદ અને યૌનશોષણના બે કેસમાં 10-10 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.

## રાજકોટ ડેથ ઝોન અગ્નિકાંડ
# 19 મૃતદેહના DNA મેચ થતા પરિવારને સોંપાયા

(એજન્સી) રાજકોટ । તા. 28

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલી આગમાં 28 લોકોના મોત થયા બાદ હાલ મૃતકોના DNA મેચ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે, ત્યારે અત્યાર સુધીમાં કુલ 19 મૃતદેહોના ડીએનએન મેચ થાય હોવાની વિગતો સામે આવી છે. અત્યાર સુધીમાં 19 લોકોના મૃતદેહ તેમના સ્વજનોને સોંપાયા છે. ક્રાઈમ બ્રાન્ચે ગેમ ઝોનમાં વેલ્ડિંગ કરનાર મહેશ રાઠોડની અટકાયત કરી છે.

### મૃતકોની યાદી

- સત્યપાલસિંહ છત્રપાલસિંહ જાડેજા (રહે. રાજકોટ)
- સ્મિત મનીષભાઈ વાળા (રહે. રાજકોટ)
- સુનિલભાઈ હસમુખભાઈ સિદ્ધપુરા (રહે. રાજકોટ)
- જીગ્નેશ કાળુભાઇ ગઢવી (રહે. રાજકોટ)
- ઓમદેવસિંહ ગજેન્દ્રસિંહ ગોહિલ (રહે. ભાવનગર)
- વિશ્વરાજસિંહ જશુભા જાડેજા (રહે. રાજકોટ)
- આશાબેન ચંદુભાઈ કાથડ (રહે. રાજકોટ)
- સુરપાલસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા (રહે. જામનગર)
- નમ્રજીતસિંહ જયપાલસિંહ જાડેજા (રહે. જામનગર)
- જયંત અનીલભાઈ ઘોરેચા (રહે. રાજકોટ)
- હિમાંશુભાઈ દયાળજીભાઈ પરમાર (રહે. રાજકોટ)
- ધર્મરાજસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા (રહે.રાજકોટ)
- વિરેન્દ્રસિંહ નિર્મળ સિંહ જાડેજા (રહે. રાજકોટ)
- દેવશ્રીબા હિતેન્દ્રસિંહ જાડેજા (રહે. સુરેન્દ્રનગર)
- રાજભા પ્રદીપસિંહ ચૌહાણ (રહે. રાજકોટ)
- શત્રુઘ્નસિંહ શક્તિસિંહ ચુડાસમા (રહે.ગોંડલ)
- નીરવભાઈ રસિકભાઈ વેકરીયા (રહે. રાજકોટ)
- વિવેક અશોકભાઈ દુસારા (રહે. વેરાવળ)
- ખુશાલી અશોકભાઈ મોડાસિયા (રહે. વેરાવળ)



## ગેમ ઝોનના મુખ્ય આરોપી પ્રકાશ જૈનનું પણ મોત, માતાના ડીએનએ મેચ થયા



ગાંધીનગર FSLમાંથી માહિતી પ્રમાણે પ્રકાશ જૈનનું આ અગ્નિકાંડમાં મોત થયું છે. પ્રકાશના ભાઈ જિતેન્દ્ર હિરણે 27મી તારીખે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી અને પોતાનો ભાઈ ગૂમ થયો હોવાનું કહ્યું હતું. જેના પછી પોલીસે તેની માતાના DNA લઈને ગાંધીનગર FSLમાં ટેસ્ટ માટે મોકલી આપ્યા હતા. ગાંધીનગર FSLએ કરેલા ટેસ્ટિંગમાં આ DNA પ્રકાશના DNA સાથે મેચ થતાં હોવાનું ખુલ્યું છે. જેના કારણે આ દુર્ઘટનામાં આરોપી પ્રકાશનું પણ મોત થયું હોવાનું સ્પષ્ટ થઈ જાય છે.

### પ્રકાશ છેલ્લે આગ બુજાવતો જોવા મળ્યો હતો

પ્રકાશ હિરણની શોધમાં જિતેન્દ્ર હિરણની સાથે આવેલી એક વ્યક્તિએ કહ્યું, પ્રકાશભાઈનો કોઈ પત્તો નથી. 2-3 દિવસથી તેમનો ફોન સ્વિચ ઓફ આવે છે. તેમનો જે છેલ્લો વીડિયો આવ્યો છે એમાં એવું જોવા મળે છે કે તેઓ આગ બુજાવવા અંદર ગયા હતા, પરંતુ તેમને બહાર નીકળતાં કોઈએ જોયા નથી.

## Quick Read

### દિલ્હી-વારાણસી ફ્લાઈટમાં બોમ્બની ધમકીથી હડકંપ, મુસાફરો પ્લેનની બારીમાંથી કૂદયા

નવી દિલ્હી | દિલ્હીથી વારાણસી જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળતા અફરા તફરી મચી ગઈ છે. આ પછી ફ્લાઈટમાંથી મુસાફરોને તાત્કાલિક ધોરણે ફ્લાઈટમાંથી ઉતરાવામાં આવ્યા હતા. એક વીડિયો સામે આવ્યો છે જેમાં જોવા મળી રહ્યું છે કે પેસેન્જરોને ઈમરજન્સી ગેટમાંથી બહાર કાઢવામાં આવી રહ્યા છે. આ દરમિયાન ઘણા મુસાફરો કૂદતા પણ જોવા મળ્યા હતા. બોમ્બ હોવાની ધમકીને કારણે દિલ્હી એરપોર્ટ પર ભયનો માહોલ સર્જાયો હતો.

### દેશમાં કોરોનાના નવા વેરિયન્ટ KP.1 અને KP.2 મ્યૂટેશને કોરોનાના કેસમાં વધારો કર્યો

નવી દિલ્હી | વિશ્વભરમાં હાહાકાર મચાવનાર કોરોનાએ ફરી એક વાર માથું ઉચક્યું છે. દેશમાં કોરોનાના નવા વેરિયન્ટ KP.1 અને KP.2 મ્યૂટેશને કોરોનાના કેસમાં વધારો કર્યો છે. ઝડપથી કેસોમાં વધારો કરી રહેલા આ વેરિયન્ટથી હજુ સુધી માઈલ્ડ ઈન્ફેક્શનની જ પુષ્ટિ થઈ છે. પરંતુ સરકારની તેના પર નજર છે. આ નવા મ્યૂટેશન અંગે દેખરેખ વધારી દીધી છે. બીજી તરફ હવે રેન્ડમ સેમ્પલિંગની પણ તૈયારી થઈ રહી છે. અત્યાર સુધી આ ગંભીર બીમારીથી મૃત્યુના આંકડામાં વધારાની પુષ્ટિ નથી થઈ.

### વિપક્ષી ગઠબંધનની મીટિંગ એક જૂને બોલાવવા પાછળ શું છે કોંગ્રેસની વ્યૂહનીતિ

નવી દિલ્હી| લોકસભા ચૂંટણીના છેલ્લા તબક્કાનું મતદાન બાકી છે, અને કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ 1 જૂને વિપક્ષી I.N.D.I.A. ગઠબંધનના નેતાઓની બેઠક બોલાવી છે. અને 1લી જૂને લોકસભા ચૂંટણીનું છેલ્લા તબક્કાનું મતદાન પૂર્ણ થવાનું છે. સુત્રોના અહેવાલ પ્રમાણે આ બેઠકમાં લોકસભા ચૂંટણી પર ચર્ચા અને સમીક્ષા પર વાત કરવામાં આવશે. મમતા બેનરજી દિલ્હીમાં પહેલી જૂને યોજાનાર ઈન્ડિયા ગઠબંધનની બેઠકમાં સામેલ નહીં થાય. તેમણે કહ્યું કે, 'પશ્ચિમ બંગાળની નવ બેઠકો પર મતદાન થવાનું છે.

### ચૂંટણી પછી CM પદેથી હટાવી દેવાશે : કેજરીવાલના દાવાનો યોગીએ આપ્યો સણસણતો જવાબ

લખનઉ| ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લોકસભા ચૂંટણીના પરિણામો બાદ મુખ્યમંત્રી પદેથી હટાવી દેવાશે, ત્યારે હવે આ મામલે યોગી આદિત્યનાથે પહેલીવાર જવાબ આપ્યો છે. મુખ્યમંત્રી આદિત્યનાથે કહ્યું કે, 'વિપક્ષો પાસે હવે કોઈપણ મુદ્દો બચ્યો નથી, તેથી તેઓ અંદરો અંદર ભાગલા પાડવાનું રાજકારણ રમી રહ્યા છે. કોંગ્રેસ હંમેશા વિભાજન કરતું રહ્યું છે. તેઓએ પહેલા દેશના ભાગલા પાડ્યા, પછી વિસ્તારોના આધારે ભાગલા પાડ્યા.

## આપ નેતા આતિશીને કોર્ટે મોકલ્યું સમન્સ, આજે હાજર થવાનો આદેશ

### દિલ્હી ભાજપના મીડિયા પ્રમુખે આતિશી વિરુદ્ધ કોર્ટમાં માનહાનીનો કેસ કર્યો હતો

(એજન્સી) નવીદિલ્હી । તા. 28

દિલ્હીની એક કોર્ટે દિલ્હી ભાજપના મીડિયા પ્રમુખ પ્રવીણ શંકર કપૂર દ્વારા દાખલ કરાયેલા માનહાનીના કેસમાં દિલ્હીના મંત્રી અને આપ નેતા આતિશી માર્લેનાને સમન્સ પાઠવ્યું છે. આતિશીને 29 જૂને કોર્ટમાં હાજર થવાનો આદેશ અપાયો છે. ઉલ્લેખનીય છે કે, આતિશીએ આક્ષેપ કર્યો હતો કે, ભાજપ આમ આદમી પાર્ટીના ધારાસભ્યોને લાંચ આપવાનો અને ખરીદવાનો પ્રયાસ કરી રહી છે. ત્યારબાદ દિલ્હી ભાજપના મીડિયા પ્રમુખે તેમના વિરુદ્ધ કોર્ટમાં માનહાનીનો કેસ કર્યો હતો.



### કેજરીવાલના જામીન લંબાવવાની અરજી પર તાત્કાલિક સુનાવણી નહીં : સુપ્રીમનો ઈનકાર

મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટને મેડિકલ સ્થિતિના આધારે વચગાળાના જામીન 7 દિવસ સુધી લંબાવવા માટે કહ્યું હતું. મંગળવારે તેમના વકીલે આ અંગે તાત્કાલિક સુનાવણીની માંગ કરી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે તરત જ સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો હતો. SCનું કહેવું છે કે CJI વચગાળાના જામીન લંબાવવાનો નિર્ણય લેશે, કારણ કે કેજરીવાલ સામેના મુખ્ય કેસમાં ચુકાદો સુરક્ષિત છે. સુપ્રીમ કોર્ટે અભિષેક સિંઘવીને પૂછ્યું કે ગયા અઠવાડિયે જ્યારે મુખ્ય બેંચના જજ જસ્ટિસ દત્તા હાજર હતા ત્યારે કેજરીવાલની અરજીને કેમ લિસ્ટિંગ કરવામાં આવી નહીં.

# કોંગ્રેસ અને RJDનો દાવો : મોદી અમને કહે છે પણ ગુજરાતમાં મુસ્લિમોને અનામત અપાય છે

(એજન્સી) પટણા । તા. 28

લોકસભા ચૂંટણીનું છ તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ પહેલી જૂને સાતમાં અને અંતિમ તબક્કાનું મતદાન યોજાવાનું છે, ત્યારે ગુજરાતમાં મુસ્લિમને મળતા અનામત મુદ્દે કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જૂનો વીડિયો શેર કરી આકરા પ્રહારો કર્યા છે, તો બીજીતરફ RJD નેતા તેજસ્વી યાદવે પણ આ મામલે વડાપ્રધાન પર આકરા પ્રહારો કરી ગુજરાત કયા મુસ્લિમ વર્ગો OBCમાં સામેલ છે, તેની યાદી શેર કરી છે. વાસ્તવમાં ભાજપ મુસ્લિમોને અપાતા અનામત મુદ્દે કોંગ્રેસ, RJD, TMC સહિત અન્ય પક્ષો સામે આક્ષેપો કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી સભાઓમાં વારંવાર આક્ષેપ કરી રહ્યા છે કે, વિપક્ષોએ ઓબીસીનું અનામત છિનવી મુસ્લિમોને આપી દીધું. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેઓ કોઈપણ કિંમતે ધાર્મિક આધારે અનામત લાગુ નહીં થવા દે. તેમણે 24મીમેએ શિમલામાં ચૂંટણી સભા ગજવી કહ્યું હતું કે, 'ઈન્ડિયા ગઠબંધને મુસ્લિમોની ઘણી જાતિઓને ઓબીસી બનાવી દીધી હતી અને ઓબીસીનો હક તેમને આપી દીધો હતો.



### તેજસ્વી યાદવે ગુજરાતમાં મુસ્લિમોને મળતા અનામતની યાદી શેર કરી

બીજીતરફ રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવે ગુજરાતમાં ઓબીસી વર્ગમાં અનામત મેળવનારા મુસ્લિમ ઓબીસી જાતિઓની કેન્દ્રી યાદી સોશિયલ મીડિયા પર શેર કરી છે. તેમણે લખ્યું છે કે, ગુજરાતમાં પછાત વર્ગમાં અનામત મેળવનાર મુસ્લિમ ઓબીસી જાતિઓની આ કેન્દ્રીય યાદી છે. અને તે દરમિયાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં 13 વર્ષ સુધી મુખ્યમંત્રી રહ્યા છે. આજકાલ માત્ર વૉટ્સઅપ જ્ઞાનના આધારે ભ્રમ, નફરત અને અફવાઓ ફેલાવાઈ રહી છે. આ લોકો નથી જાણતા કે, આપણા બંધારણમાં અનામતનો આધાર ધર્મ નથી પણ સામાજિક પછાતપણું છે.

# મિઝોરમમાં ભૂસ્ખલનથી 13નાં મોત

### વાવાઝોડાને કારણે સતત વરસાદથી પથ્થરની ખાણ ધરાશાયી

(એજન્સી) આઈઝોલ । તા. 28

પશ્ચિમ બંગાળમાં આવેલા રેમલ વાવાઝોડાની અસર હવે ઉત્તર-પૂર્વમાં દેખાઈ રહી છે. મિઝોરમમાં વાવાઝોડાને કારણે અવિરત વરસાદને કારણે મંગળવારે સવારે 6 વાગ્યે આઈઝોલમાં એક પથ્થરની ખાણ તૂટી પડી હતી. આમાં 13 લોકોનાં મોત થયા છે, જ્યારે 16 લોકો ગુમ છે. મિઝોરમના ડીજીપી અનિલ શકલાએ ન્યૂઝ એજન્સી પીટીઆઈને જણાવ્યું કે અત્યાર સુધીમાં 10 મૃતદેહો મળી આવ્યા છે. તેમાંથી સાત સ્થાનિક લોકોના છે, જ્યારે ત્રણ અન્ય રાજ્યોના છે. કાટમાળ નીચે હજુ પણ ઘણા લોકો દટાયા હોવાની આશંકા છે. બચાવ કાર્ય ચાલુ છે, પરંતુ ભારે વરસાદને કારણે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.



### ઘણા લોકો કાટમાળ નીચે ફસાયાની આશંકા

મિઝોરમના આઈઝોલ જિલ્લામાં ભારે વરસાદના પગલે એક પથ્થરની ખાણનો કાટમાળ ધસી ગયો છે. જેના નીચે દટાઈ જવાથી ઓછામાં ઓછા 7 લોકોના મોત થયા છે. આ આંકડો પણ વધી શકે છે. મળતી માહિતી મુજબ હજુ પણ ઘણા લોકો કાટમાળ નીચે ફસાયેલા હોવાની આશંકા છે.

### કેદારનાથ પછી હવે કન્યાકુમારી

# ચૂંટણી પ્રચાર પૂરો થતાં જ સાધનામાં લીન થશે મોદી

### વિવેકાનંદજીએ અહીં જ વિકસિત ભારતનું સપનું જોયેલું

(એજન્સી) નવીદિલ્હી । તા. 28

વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભા ચૂંટણીના સાતમા અને છેલ્લા ચરણની સીટ માટે ચૂંટણી પ્રચાર પૂરો થયા બાદ તમિલનાડુ જઈ શકે છે. પીએમ મોદી તમિલનાડુ પહોંચી કન્યાકુમારી સ્થિત વિવિકાનંદ રોક મેમોરિયલ પહોંચીને ધ્યાન કરી શકે છે. સાતમા ચરણમાં 57 લોકસભા સીટ માટે 1 જૂનના રોજ મતદાન થવાનું છે. આ સીટ માટે ચૂંટણી પ્રચાર 30 મેની સાંજે 5 વાગ્યે બંધ થઈ જશે. સૂત્રો પ્રમાણે ચૂંટણી પ્રચાર બંધ થયા બાદ પીએમ મોદીનો 30 મેની રાતે જ તમિલનાડુના કન્યાકુમારી પહોંચવાનો કાર્યક્રમ છે. જાણકારી પ્રમાણે પીએમ મોદી 31 મેના રોજ વિવેકાનંદ રોક મેમોરિયલ જઈ શકે છે. 31 મેના રોજ આખો દિવસ પીએમ રોક મેમોરિયલ પહોંચી ધ્યાન કરી શકે છે. આ પહેલાં પીએમ મોદીની 30 મે, ગુરુવારે પંજાબમાં સભા પણ છે. પીએમ મોદી 30 મેના રોજ પંજાબના હોશિયારપુરમાં ચૂંટણી જનસભાને સંબોધિત કરશે. પંજાબમાં ચૂંટણી સભા પછી પીએમ મોદીનો તમિલનાડુ જવાનો કાર્યક્રમ છે જ્યાં તેઓ રાતે આરામ પણ કરશે.



### કન્યાકુમારીને જ કેમ પસંદ કર્યું?

કન્યાકુમારીનું રૉક મેમોરિયલ એ જ સ્થાન છે જ્યાં સ્વામી વિવેકાનંદે ભારત માતાનું વિઝન જોયું હતું. આ લોકો માને છે કે જેમ ગૌતમ બુદ્ધના જીવનમાં સારનાથનું વિશેષ સ્થાન છે, તેવી જ રીતે આ શિલા સ્વામી વિવેકાનંદના જીવનમાં પણ વિશેષ સ્થાન ધરાવે છે. દેશભરમાં ફર્યા બાદ તેઓ અહીં પહોંચ્યા અને ત્રણ દિવસ સુધી તપસ્યા કરી અને વિકસિત ભારતનું સ્વપ્ન જોયું.

# વીડી સાવરકર પર રાહુલ ગાંધીનું વિવાદાસ્પદ નિવેદન

### પોલીસે કહ્યું- તપાસમાં ફરિયાદ સાચી છે

### સાવરકરના પૌત્રે માનહાનિનો કેસ નોંધાવ્યો હતો

(એજન્સી) પુણે । તા. 28

પુણે પોલીસે રાહુલ ગાંધી પર વીડી સાવરકરને બદનામ કરવાનો આરોપ લગાવતી ફરિયાદને સાચી ગણાવી છે. સાવરકરના પૌત્ર સાત્યકીએ એપ્રિલ 2023માં રાહુલ ગાંધી વિરુદ્ધ IPCની કલમ 499 અને 500 હેઠળ માનહાનિનો કેસ નોંધાવ્યો હતો. સાત્યકીનું કહેવું છે કે માર્ચ 2023માં વીડી સાવરકર પર રાહુલ ગાંધીનું નિવેદન ખોટું અને દુર્ભાગ્યપૂર્ણ છે. પોતાના નિવેદનમાં રાહુલે કહ્યું હતું કે વીર સાવરકરે તેમના પુસ્તકમાં લખ્યું છે કે તેમણે અને તેમના પાંચ-છ મિત્રોએ એકવાર એક મુસ્લિમ વ્યક્તિને માર માર્યો હતો અને સાવરકર ખુશ થયા હતા. આ મામલે સાત્યકીએ એપ્રિલ 2023માં પુણેના વિશ્રામબાગ પોલીસ સ્ટેશનમાં રાહુલ વિરુદ્ધ કેસ નોંધાવ્યો હતો. પોલીસે આ કેસની તપાસ કરી અને 27 મે 2024ના રોજ કોર્ટમાં પોતાનો તપાસ અહેવાલ રજૂ કર્યો હતો. પોલીસે કહ્યું કે અમારી તપાસમાં જાણવા મળ્યું છે કે વીડી સાવરકરે તેમના કોઈ પુસ્તકમાં આવી ઘટના વિશે લખ્યું નથી.



### ૩ દિવસ બાદ પણ મૃતદેહ મેળવવા પરિવારજનોની રઝળપાટ, એક પરિવારના ૩માંથી 2 જ મૃતદેહ મળતા પરિસ્થિતિ કરુણ...

# રાજકોટ TRPમાં 13 થી 45 વર્ષ સુધીના યુવાનો આગમાં હોમાયા છે...



(એજન્સી) રાજકોટ | તા.28

રાજકોટના TRP ગેમ ઝોન અગ્નિકાંડમાં એકસાથે 28 જેટલા લોકો હોમાઈ ગયાની માહિતીના આધારે મિસિંગની યાદી બનાવવામાં આવી હતી. ત્યાર બાદ તેમનાં પરિવારજનોના ડીએનએ સેમ્પલ લેવામાં આવ્યાં હતાં. જે બાદ DNA રિપોર્ટ આવતાની સાથે મૃતદેહો પરિવારજનોને સોંપવામાં આવી રહ્યા છે. પોલીસે અત્યાર સુધીમાં 11 મૃતદેહો પરિવારજનોને સોંપ્યા હોવાનું જાહેર કર્યું છે. ત્યારે ઘટનાના 3 દિવસ બાદ પણ પરિવારજનો પોતાના સ્વજનોના મૃતદેહ મેળવવા માટે રાહ જોઈ રહ્યા છે. ભાણેજ કલ્પેશ બગડાના DNA રિપોર્ટ મેળવવા માટે મામા પ્રકાશ પરમાર રઝળપાટ કરી રહ્યા છે. રાજકોટના TRP ગેમ ઝોન અગ્નિકાંડની આગ પોલીસ અને મનપા તંત્રને દઝાડી ગઈ છે. કારણ કે તેમની મીઠી નજર હેઠળ જ આ ગેમ ઝોન ગેરકાયદેસર રીતે ધમધમી રહ્યું હતું. દરમિયાન ત્યાં ગયેલા 13 થી 45 વર્ષ સુધીના યુવાનો આગમાં હોમાઈ ગયાની ઘટનાએ રાજકોટ જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત સહિત દેશભરને હચમચાવી નાખ્યું. આ ઘટના બાદ કયો મૃતદેહ કયા સ્વજનનો છે તે ચકાસવા માટે DNA સેમ્પલ લેવાનું શરૂ કરવામાં આવ્યું. જેમાં 28 વ્યક્તિઓના DNA સેમ્પલ લેવામાં આવ્યા બાદ રિપોર્ટ મેચ થતાં જ ગઈકાલે સવારથી સ્વજનોના મૃતદેહ પરિવારજનોને સોંપવાનું શરૂ કર્યું હતું. અત્યાર સુધીમાં 11 મૃતદેહ સોંપાયાનું પોલીસે જાહેર કર્યું છે.

### ત્રીજો મૃતદેહ નહીં મળે ત્યાં સુધી એકપણ મૃતદેહ નહીં સ્વીકારાય

દરમિયાન હિમાંશુ દયાળજીભાઈ પરમાર કે જેમનું મિસિંગની પ્રથમ યાદીમાં નામ ન હતું એટલે કે આ સ્વજન ઉમેરાતા મૃત્યુઆંકમાં વધારો થયો છે. હજૂ પણ એક પરિવાર એવો છે કે જેમના ઘરના 3માંથી 2 સભ્યોના જ મૃતદેહ મળ્યા છે. જાડેજા પરિવારના પિતા-પુત્રના મૃતદેહ મળ્યા છે. જે AIIMS હોસ્પિટલ કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યાનું જાણવા મળી રહ્યું છે. તો દીકરીના DNA મેચ ન થતા પરિવારજનોએ નિર્ણય કર્યો છે કે, જ્યાં સુધી ત્રીજો મૃતદેહ નહીં મળી જાય ત્યાં સુધી એક પણ મૃતદેહ સ્વીકારવામાં નહીં આવે.

■ સત્યપાલસિંહ છત્રપાલસિંહ જાડેજા ■ સ્મિત મનીષભાઈ વાળા ■ સુનિલભાઈ હસમુખભાઈ સિદ્ધપુરા ■ જિગ્નેશ કાળુભાઈ ગઢવી ■ ઓમદેવસિંહ ગજેન્દ્રસિંહ ગોહિલ ■ વિશ્વરાજસિંહ જશુભા જાડેજા ■ આશાબેન ચંદુભાઈ કાથડ ■ સુરપાલસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા ■ નમ્રજિતસિંહ જયપાલસિંહ જાડેજા ■ જયંત અનીલભાઈ ઘોરેચા ■ હિમાંશુભાઈ દયાળજીભાઈ પરમાર

**ન્યૂઝ કોર્નર**

## સયાજી નગરગૃહમાં લાંબા સમયથી એસી બંધ : પંખાઓ મૂકવા પડે છે


વડોદરા : સયાજી નગરગૃહમાં લાંબા સમયથી એસી બંધ ; પંખાઓ મૂકવા પડે છે વડોદરા,વડોદરા મ્યુનિ. કોર્પોરેશન હસ્તકના સયાજી નગરગૃહમાં છેલ્લા ઘણાં લાંબા સમયથી એસી સિસ્ટમ બંધ હોવાથી વિવિધ કાર્યક્રમોના આયોજકો અને કાર્યક્રમો જોવા આવતા પ્રેક્ષકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે.
એમાંય આકરી અને વ્યાકુળ કરી મૂકે તેવી ગરમીમાં તો હાલત ભારે અકળાવનારી બની રહી છે. છેલ્લા ઘણા સમયથી એસી સિસ્ટમ ઠપ રહેતા તે શરૂ કરવા અવારનવાર રજૂઆતો થઇ છે, પરંતુ તંત્ર દ્વારા કોઇ હિલચાલ થતી હોય તેવું જણાતું નથી. ગઇકાલે એક કાર્યક્રમમાં તો ૨૦ પંખા મુકવા પડયા હતા. બપોરે પણ એક કાર્યક્રમમાં ૪૩ ડિગ્રી ગરમીમાં હોલમાં બેઠેલા બફાઇ ગયા હતા અને પંખા મૂકવાની ફરજ પડી હતી. તા.૧૨ મેના રોજ કાર્યક્રમ યોજાયો.

## બાળકને આગળ કરી ટ્રેનની ગીર્દીમાં તફડંચી કરતી મહિલાઓ

વડોદરા : નાના બાળકને આગળ કરી ટ્રેનની ગીર્દીમાં તફડંચી કરતી મહિલાઓવડોદરા, તા.27 વડોદરા રેલવે સ્ટેશન પર ગીર્દીનો લાભ ઉઠાવી ટ્રેનમાં ચડતી મહિલાઓના પર્સ તફડાવતી બે મહિલાને રેલવે પોલીસે ઝડપી પાડી હતી.
આ અંગેની વિગત એવી છે કે રણોલી વિસ્તારમાં શ્રી ટાઉનશીપમાં રહેતા હેમંતકુમાર બંસીલાલ સૈની તેમની પુત્રવધૂ નેહા તેમજ પૌત્રીને મધ્યપ્રદેશના મંદસોર જવાનું હોવાથી તેઓ બાન્દ્રા ઉદેપુર એક્સપ્રેસ ટ્રેનમાં છોડવા રેલવે સ્ટેશન પર આવ્યા હતાં. ટ્રેનના જનરલ કોચમાં નેહા તેમજ તેમની પુત્રી બંને ચડી ગયા બાદ ટ્રેન ઉપડી હતી અને થોડા સમયમાં નેહાનો તેના સસરા પર ફોન આવ્યો હતો કે બેગમાં મૂકેલ નાનું પર્સ ગીર્દીમાં ચોરી થઇ ગયું છે પર્સમાં સોનાનું મંગળસૂત્ર, રોકડ સહિત ૪૨ હજાર જેટલી મત્તા હતી.

# વાપી સ્ટેશન દુર્ઘટનાનો મામલો...

## DRMની ટીમે વાપી સ્ટેશનમાં તપાસ હાથ ધરતા ચોંકાવનારો ખુલાસો, CCTV બંધ હાલતમાં જોવા મળ્યાં









(એજન્સી) વલસાડ | તા.28

વાપી સ્ટેશન પર ગઈકાલે ઝાંસી એક્સપ્રેસ ટ્રેનમાં જનરલ કોચમાં યાત્રીઓની ભીડ જોઈ રોંગસાઈડે ઉતરેલા યાત્રીઓ પૈકી સગીરા અને યુવક હમસફર એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી જતા તે બન્નેનું મોત થયું હતું. આ ઘટનાની જાણ રેલવે વિભાગને થતા રેલવેના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યાં હતા. વાપી રેલવે સ્ટેશન ઉપર બનેલી ઘટના અંગે DRM પણ તાત્કાલિક તેમની ટીમ સાથે ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન યાત્રીઓની સુરક્ષા માટે લગાવેલા CCTV કેમેરા મેન્ટેનન્સ ના અભાવે બંધ હોવાનું અને કાળઝાળ ગરમીમાં વાપી રેલવે સ્ટેશન ઉપર યાત્રીઓ માટે બનાવવામાં આવેલી પાણીની પરબ અને પાણીના નળમાં પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા ન હોવાનું સામે આવ્યું હતું.વાપી રેલવે સ્ટેશન ઉપર ઝાંસી એક્સપ્રેસ ટ્રેનમાં જનરલ કોચમાં બાંદ્રા જતા યાત્રીઓની ચઢવાની ભીડ જોઈ કેટલાક યાત્રીઓ સામાન સાથે રોંગસાઈડે ઉતર્યા હતા. ત્યારે પ્લેટફોર્મ ન. 1 ઉપરથી પસાર થતી હમસફર એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી જતા સગીરા અને એક યુવકનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે નજીકમાં આવેલા સ્ટોલના મેનેજરે દોડી પ્લેટફોર્મ ઉપર આવતી એક મહિલાનો હાથ ખેંચી મહિલાને ટ્રેનની અડફેટે આવતા બચાવી લીધી હતી. આ સમગ્ર ઘટનાની જાણ રેલવેના ARMને થતા તાત્કાલિક RPF અને GRPની ટીમની મદદ લઈને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. ઘટનાની ગંભીરતાને જોતા પશ્ચિમ રેલવેના DRM તેમની ટીમ સાથે ઘટના સ્થળની મુકલાત લીધી હતી. રેલવે કર્મીઓ અને અધીકારીઓ સાથે વાત કરી ઘટના ક્રમ જાણવાનો પ્રયાસ કર્યો હતો. DRM નીરજ વર્માની ટેક્નિકલ ટીમે રેલવે સ્ટેશનના CCTV ફૂટેજ ચેક કરવા જતાં CCTV કેમેરા મેન્ટેનન્સ ના આભાવે બંધ હોવાનું જાણવા મળ્યું હતું. તેમજ કાળઝાળ.ગરમીમાં રેલવે યાત્રીઓને પીવાના પાણીની સુવિધા આપવા રેલવે સ્ટેશન ઉપર પીવાના પાણીની પરબ અને નળ મુકવામાં આવ્યા છે. જેમાં કેટલીક પરબ અને પીવાના પાણીના નળમાં પાણી આવતું ન હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને વાપી રેલવે સ્ટેશનના અધિકારીઓને યાત્રીઓ માટે જરૂરી તમામ સેવાઓ ટૂંક સમયમાં ચાલુ કરાવી આપવા સૂચના આપી હતી.વાપી રેલવે સ્ટેશનને અમૃત ભારત રેલવેના 75 રેલવે સ્ટેશનોમાં આવરી લેવામાં આવ્યું છે. હાલ વાપી રેલવે સ્ટેશન ઉપર મહત્વપૂર્ણ કામગીરીઓ ચાલી રહી છે. જે માટે રેલવે યાત્રીઓને થોડી સમસ્યાઓ પણ ઉભી થતી હશે. આગામી દિવસોમાં અતિઅધુનિક રેલવે સ્ટેશન બનવા જઈ રહ્યું છે. વાપી રેલવે સ્ટેશન GIDCને લઈને અત્યંત મહત્વપૂર્ણ રેલવે સ્ટેશન રહ્યું છે. રેલવે યાત્રીઓને વધુ સુવિધાઓથી સજ્જ રેલવે વિભાગ પ્રયાસ કરશે.

### ઓનલાઈન ટિકિટ બુક કરનાર પ્રવાસીઓ હેરાન પરેશાન...

# ગીરનાર પર રોપ-વે સેવા બંધ: ગિરનાર પર્વત પર ભારે પવન ફૂંકાતા રોપ વે બંધ

(એજન્સી) જુનાગઢ | તા.28



ગિરનાર પર્વત પર ખરાબ હવામાન અને ભારે પવન ફૂંકાતા રોપે- વે સેવા બંધ કરવામાં આવી છે. ગિરનાર પર્વત પર આવતા પ્રવાસીઓની સલામતીને ધ્યાનમાં રાખી ભારે પવનના કારણે કોઈ દુર્ઘટના ન બને તે માટે રોપ વે સેવા બંધ કરવામાં આવી છે. 50 કિ.મી થી વધુની ગતિએ હાલ ગિરનાર પર્વત પર પવન ફૂંકાઈ રહ્યો છે.
ગિરનાર પર્વત પર માં અંબા, ગુરુદત્તાત્રે અને જૈન દેરાસરો આવેલા છે જ્યાં હજારો યાત્રાળુ દર્શને આવે છે. ગિરનાર પર્વત પર જવા માટે લોકો રોપ-વેનું ઓનલાઈન બુકિંગ કરાવતા હોય છે, પરંતુ આજે અચાનક જ ભારે પવન ફૂંકાતા રોપ વે બંધ હોવાના કારણે અહીં આવનાર પ્રવાસીઓ પણ હેરાન પરેશાન થઈ રહ્યા છે.
જૂનાગઢ નજીક ઘણા ફરવા લાયક સ્થળો આવેલા છે જ્યાં રોજની હજારોની સંખ્યામાં યાત્રાળુઓ મુલાકાત લેતા હોય છે ત્યારે અતિ આધુનિક રોપ વે શરૂ થતા ગિરનાર પર્વત પર જવું સહેલું બન્યું છે. રોપે વે મારફત લોકો માં અંબા, ગુરુ દત્તાત્રેય,અને જૈન દેરાસરોના દર્શને જાય છે. ત્યારે ઉનાળો હોવાથી લોકો સીડીના બદલે રોપવે મારફત ગિરનાર પર્વત પર દર્શને વધુ જતા હોય છે પરંતું આજે ગિરનાર પર્વત પર ભારે પવન ફૂંકાતા રોપ સેવા બંધ કરવામાં આવી છે. જેના કારણે યાત્રાળુને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

# પાટણની શાળાઓમાં ઉનાળુ વેકેશન બાદ 30 જુન સુધી સમય સવારનો રહેશે

પાટણ | પાટણ જિલ્લા સહિત સમગ્ર રાજ્યભરમાં 36 દિવસનું ઉનાળુ વેકેશન પૂર્ણ થયા બાદ આગામી 13 મી જુનના રોજ જિલ્લા સહિત રાજ્યભરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થનાર છે. ત્યારે પાટણ જિલ્લાની 250 શાળાઓમાં ધો.9 થી 12 ના વિદ્યાર્થીઓ માટે ઉનાળાની ગરમીને લઈ તા.30 જુન સુધી શાળાનો સમય સવારે 7-30 થી 12 -30 કલાકનો રહેશે. જ્યારે આગામી 27 જુન દરમિયાન ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ યોજાશે. આગામી 13 મી જુનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે ત્યારે પાટણ શહેર સહિત જિલ્લાની 250 માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શાળાઓને સમય સવારનો રહેશે. સમગ્ર રાજ્યમાં ઉનાળાની કાળઝાળ ગરમીને લઈ શિક્ષણ વિભાગ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. જેને લઈ શાળાઓમાં સવારનો સમય કરવામાં આવ્યો છે. તો પાટણ જિલ્લામાં તા.27 થી 29 જુન એમ ત્રિદિવસીય ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં બાલવાટીકાથી ધો.9નો પ્રવેશ ઉત્સવ ઉજવવામાં આવશે. જેના રવાઈઝની માહિતી આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે.

# ઇડરના કિશોરગઢ પાસે રોડ સાઇડની ઝાડી જાખરામાં આગ લાગી

(એજન્સી) સાબરકાંઠા તા.28



સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કિશોરગઢ ગામ નજીક રોડ સાઈડે ઝાડી જાખરામાં ગત રાત્રીના સમયે અચાનક આગ લાગી હતી. જેને લઈને ગ્રામજનોને વિકરાળ આગ લાગતા ગ્રામજનો સ્થળ અપર દોડી જઈને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.
આ અંગેની વિગત એવી છે કે, ઈડરના કિશોરગઢ ગામની સીમમાં સોમવારે રાત્રીના સમયે અચાનક આગ લાગી હતી અને આગની વિકરાળ સ્વરૂપ હોવાને ગ્રામજનોને દુરથી જોવા મળતા ગ્રામજનો આગ લાગેલ સ્થળ પર પહોંચ્યા હતા. જ્યાં જોતા ઝાડી જાખરામાં આગ લાગી હતી જેને લઈને ગ્રામજનોએ પાણીથી આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી હતી અને ઈડર ફાયર વિભાગને જાણ કરી હતી. ગ્રામજનોએ આગ બુઝાવી દીધા બાદ ફાયર વિભાગ પહોંચ્યું હતું.

# ભુજની લોટસ કોલોની પાસે 3 શખ્સોએ 1 યુવકને છરીના ઘા મારી પતાવી દીધો...

(એજન્સી) કચ્છ (ભુજ) | તા.28

જિલ્લા મથક ભુજ શહેર જાણે ક્રાઈમનું કેન્દ્ર બની રહ્યું હોય તેમ એક બાદ એક સતત ગંભીર ઘટનાઓ પોલીસ દફ્તરે નોંધાઈ રહી છે. વર્તમાન માસ દરમિયાન જ માનવ વધની ત્રણ ઘટના બની ચુકી છે. ત્યારે ગત રાત્રે શહેરના લોટસ કોલોની નજીક વાલ્મિકી નગરમાં ત્રણ શખ્સોએ યુવકને છરીના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો હોવાની ઘટના બી ડિવિઝન મથકે નોંધાઈ છે. પોલીસે બનાવને અંજામ આપી ફરાર થઈ ગયેલા આરોપીઓને પકડવા શોધખોળ હાથ ધરી છે. અલબત્ત કાયદો અને વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતિને લઈ શહેરીજનોના મનમાં પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.
આ અંગે ભુજ બી ડિવિઝન મથકેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત રાત્રિના 10.15ના અરસામાં શહેરના વાલ્મિકી નગર ખાતે રહેતા ઈબ્રાહિમ હાસમ કેવરના ઘર બહાર આરોપી બસીર પઠાણ, જાશમીન ઉર્ફે મલા ઈકબાલ સમેજા અને અકબર ઈકબાલ સ્મેજાએ એક સંપે આવીને ઈબ્રાહિમ સાથે ઝગડો કર્યો હતો. ભુજની જૂની જેલ પાછળ રહેતા આરોપી જાશમીન સાથે પહેલા થયેલા ઝઘડાનું મનદુઃખ રાખી ત્રણેય શખ્સોએ ઝગડો કર્યો હતો, તે દરમિયાન બસીરે ઈબ્રાહિમની છાતી ઉપર પહેલા છરીના હાથા વડે વાર કર્યો હતો અને બાદમાં જમણા ખભાની પાછળના ભાગે ઉપરાછાપરી છરીના ઘા મારી હત્યા નિપજાવી હતી. ઘટનાને અંજામ આપી ત્રણેય આરોપી ફરાર થઈ ગયા હતા. પોલીસે મૃતકની માતા સકીના હાસમ કેવરની ફરિયાદના આધારે આગળની તજવીજ હાથ ધરી છે.

# મહેસાણામાં સિંધી લાઇનમાં એર વાલ્વ તૂટતા પાણીનો વેડફાટ...

(એજન્સી) મહેસાણા | તા.28

મહેસાણામાં તાલુકા પંચાયત અને સિંધી સોસાયટી પાસે નગરપાલિકાની પાણીની લાઈનમાં ભંગાણ સર્જાયુ હતું. જેથી હજારો લીટર પાણીનો વેડફાટ થયો હતો. લીકેજ થયેલ પાણી રોડ પર વહેવા લાગ્યું હતું. પાણી લિકેજની જાણ મહેસાણા નગરપાલિકા તંત્રને થતા તાત્કાલિક રિપેરીગ કામ હાથ ધરવામાં આવ્યું હતું. મહેસાણા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની દીવાલ નજીકથી પસાર થતી મહેસાણા નગરપાલિકાની પાણીના વિતરણની લાઈનમાં આવેલ એર વાલ્વ લીકેજ થતા જિલ્લા કોર્ટ તરફ આવવા જવાના રસ્તા પર હજારો લીટર પાણીનો વેડફાટ થયો હતો. મોટા પ્રમાણમાં પાણી લીકેજ થતા રોડ પર પાણીની નદીઓ જોવા મળી હતી. ત્યાંથી પસાર થતા લોકો દ્વારા પાણીના લિકેજીગ બાબતે પાલિકા તંત્રને જાણ કરવામાં આવી હતી. સમગ્ર મામલે પાલિકાના કર્મીઓએ લીકેજ વાળી પાણીની લાઈનની પુરવઠો બંધ કરી તાત્કાલિક તેનું રિપેરીગ કામ હાથ ધરાયુ હતું. જોકે, લાઈન પર પાણીનો એર વાલ્વ તૂટી ગયેલો હોઈ તેણે બદલી નવો એર વાલ્વ નાખતા પાણી લીકેજ થતું બંધ કરવામાં આવ્યું હતું.

**બ્રેકિંગ ન્યૂઝ**

## ખંભાળિયા નજીક ખનીજ ખનન પર દરોડો, મોરમ ચોરી ઝડપાઈ

જામખંભાળિયા, અમરેલી : સૌરાષ્ટ્રમાં મોરમ અને રેતી ખનન પ્રવૃતિ વધી ગઈ છે. આજે ખંભાળિયા અને અમરેલી જિલ્લાના લીલીયા ,ગાવડકામાં ખનીજ ખનન પર દરોડા કાર્યવાહી કરી મોરમ અને રેતી કબજે કરી આગળની કાર્યવાહી કરી હતી.આ અંગે જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયા - દ્વારકા માર્ગ પર સરકારી જમીનમાંથી ખનીજ (મોરમ)ની ચોરી થતી હોવા અંગેની માહિતી અહીંના પ્રાંત અધિકારી કે.કે. કરમટાને મળતા તેમના દ્વારા સ્થાનિક સ્ટાફને સાથે રાખીને દરોડો પાડવામાં આવ્યો હતો.

## જામનગરમાં જુગાર રમતા 9 શખ્સો 1.25 લાખની રોકડ સાથે ઝડપાયા

જામનગર : જામનગરના સુભાષ બ્રિજ નીચે એક ટ્રાન્સપોર્ટની ઓફિસમાં ચાલતા જુગાર ધામ એલસીબીએ ગઈ રાત્રે દરોડો પાડી જુગાર રમતા બે ટ્રાન્સપોર્ટર બંધુઓ અને વેપારીઓ સહિત નવ શખ્સોની ૧.૨૫ લાખની રોકડ સાથે અટકાયત કરાઈ છે. જામનગરમાં સુભાષ બ્રિજ નીચે આવેલી ગઢવી ટ્રાન્સપોર્ટ નામની ઓફિસમાં તેના સંચાલકો જગદીશ લાભુભાઈ લાંબાઝ અને રમેશ લાભુભાઈ લાંબા નામના બે ટ્રાન્સપોર્ટર બંધુઓ દ્વારા પોતાના અન્ય મિત્રો-વેપારીઓ વગેરેને એકત્ર કરીને ટ્રાન્સપોર્ટની ઓફિસમાં જુગારધામ ચલાવી રહ્યા છે.

# વહેલી સવારે સુરત ફાયર વિભાગ એલર્ટ: ફાયર સેફ્ટીનો અભાવ...

(એજન્સી) સુરત | તા.28

રાજકોટમાં બનેલી ઘટના બાદ તેના પડઘા સમગ્ર રાજ્યમાં પડી રહ્યા છે. અલગ અલગ શહેરોમાં જે રીતે ફાયર વિભાગ દ્વારા જે કામગીરી કરવામાં આવી રહી છે. તેવી જ રીતે ફાયર વિભાગ દ્વારા પણ ખૂબ જ ગંભીરતાથી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સુરત જેવા શહેરમાં અનેક હોટલો, રેસ્ટોરન્ટ અને માર્કેટો આવેલી છે. તેના કારણે આગ લાગવાની ઘટનાઓ પણ સતત બનતી રહે છે. આવી ઘટના ન બને તેના માટે ફરી એક વખત તક્ષશિલાકાંડ બાદ ફાયર વિભાગ હરકતમાં આવ્યું છે.
ફાયર વિભાગ દ્વારા અલગ અલગ ટીમો બનાવીને અલગ ઝોન મુજબ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. સલાબતપુરા રીંગરોડ ઉધના સહારા દરવાજા સહિતના વિસ્તારોમાં હોસ્પિટલ દુકાનો અને ટેક્સટાઈલ માર્કેટ અને સીલ કરવામાં આવી છે. વહેલી સવારે ચાર વિભાગ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. નોટિસ આપ્યા બાદ પણ ફાયર સુવિધાનો અભાવ દેખાતા આખરે કામગીરી કરવામાં આવી છે. એનઓસી વગર કે ફાયર સુવિધા વગર ચાલતી માર્કેટમાં જ્યારે આગ લાગે છે. તે ખૂબ જ વિષણ હોય છે અને તેના કારણે માર્કેટના વેપારીઓનો તો જીવ જોખમમાં મુકાય છે, પરંતુ સાથે અવારનવાર વેપારીઓ તેમજ ગ્રાહકોને પણ જીવનું જોખમ રહેતું હોય છે.
માનદરવાજા ફાયર વિભાગના અધિકારી ક્રિષ્ના મોઢે જણાવ્યું કે, અમારા વિસ્તારમાં અમે બે માર્કેટ ઓશીલ કરી છે અને હોટલ પણ સીલ કરી છે. ઘણા સમયથી એનઓસી લીધી ન હતી. વારંવાર અમે તેમને નોટિસ આપતા હતા. છતાં પણ તેઓ આ બાબતને ગંભીર હોય તેવું જણાતું ન હતું. જેથી વહેલી સવારે અમારે ટીમ દ્વારા માર્કેટ અને સીલ મારવામાં આવી છે. તેમજ હોટલને પણ સીલ મારી દેવામાં આવી છે.

# વિદ્યાર્થીઓના જીવ પર જોખમ!: રાજકોટની મોટાભાગની પ્રી-સ્કૂલો, ક્લાસીસોમાં ગેરકાયદે ડોમ-ફાયર સેફ્ટીનો અભાવ

(એજન્સી) રાજકોટ | તા.28

માનવહૃદય કંપાવી દે તેવી રાજકોટની ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડે સમગ્ર દેશને હચમચાવી દીધું છે. 28 લોકોએ આ દુર્ઘટનામાં જીવ ગુમાવ્યો છે તો અનેક લોકો હજુ મિસિંગ છે. ત્યારે સવાલ એ થાય છે કે બેજવાબદાર અને ભ્રષ્ટ તંત્રના પાપે નિર્દોષ લોકો ક્યાં સુધી જીવ ગુમાવતા રહેશે? ભૂતકાળમાં બનેલી ગોઝારી ઘટનાઓમાંથી સરકાર અને વહિવટી તંત્રએ બોધપાઠ લીધો હોત તો કદાચ આ ઘટના ના બની હોત, પરંતુ હવે રાજ્યમાં આ એક સિલસિલો બની ગયો હોય તેવી પરિસ્થિતિ ઉદભવી છે તે શરમજનક છે. કોંગ્રેસના વિદ્યાર્થી નેતા અને ઝોનલ પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં મોટાભાગના નાના ભૂલકાઓ, વિદ્યાર્થીઓ અને યુવાનો જ ભોગ બન્યા છે તે અતિ દુખદ છે. સરકારે આ દુર્ઘટનામાં મોટા અધિકારીઓને બચાવવા તેઓની માત્ર બદલી કરી દીધી અને નાના અધિકારીઓને સસ્પેન્ડ કરીને સંતોષ માની લીધો તેમ ના ચાલે! વહિવટી તંત્રના પાપે જ અનેક પરિવારોના માળા વિખાયા છે. ત્યારે જવાબદાર તમામ વિભાગના અધિકારીઓ, સત્તાપર બેઠેલા મનપાના પદાધિકારીઓ પર માનવવધનો ગુનો દાખલ કરવો જોઈએ. જેથી ભવિષ્યમા આવી ઘટનાઓ થતી અટકી શકશે. સરકાર દર વખતે “ઘોડા ચાલ્યા ગયા બાદ તબેલે તાળા મારવા નીકળે” તેવો ઘાટ સર્જે છે.

### તમામ પ્રી-સ્કૂલોનું રજિસ્ટ્રેશન ફરજિયાત કરવું જોઈએ

વધુમા જણાવ્યું હતું કે, રાજકોટમા શેરી-ગલીઓના એપાર્ટમેન્ટમાં ક્લાસીસો અને પ્રી-સ્કૂલો આવેલી છે. ત્યારે મોટાભાગની પ્રી-સ્કૂલોએ કોમર્સિયલ એપાર્ટમેન્ટ અને મકાનોની અગાસીના ભાગે પ્લાસ્ટિકના ગેરકાયદે ડોમમા ઊભી કરેલી હોય છે. ત્યારે નાના ભુલકાઓની સુરક્ષા પર અનેક સવાલ ઉભા થાય છે. અનેક પ્રી-સ્કૂલો રેસિડેન્સીયલ મકાનોમા આવેલી છે.

### અમારો ઈરાદો સ્કૂલ-ક્લાસીસ સંચાલકોને હેરાન કરવાનો નથી

વિદ્યાર્થી નેતા અને કોંગ્રેસના પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે અંતમા જણાવ્યું હતું કે, અમારો ઈરાદો સ્કૂલ-ક્લાસીસ સંચાલકોને હેરાન કરવાનો નથી, પરંતુ વિદ્યાર્થીઓની જીવની સુરક્ષા એ અમારા માટે પ્રથમ પ્રાથમિકતા છે. જેથી તંત્ર આ બાબતે ગંભીરતા નહી લે તો અમે ગેરકાયદે દબાણ દૂર કરીશું અને હલ્લાબોલ પણ કરીશુ. તેઓએ રાજકોટના વિદ્યાર્થીઓ અને તેના વાલીઓને અપીલ કરી હતી કે, કોઈ સ્કૂલ કે ક્લાસીસમાં ફાયરસેફ્ટીનો અભાવ હોય, ફાયર સિસ્ટમ બંધ હોય, પ્લાસ્ટિકના ગેરકાયદે ડોમમા અભ્યાસ કરાવતા હોય તો અમને મોં.7016837652 પર ફોટો, વીડિયો મોકલો અમે તંત્રનું ધ્યાન દોરીશું.

# બળવંત ભવન કબ્જા વિવાદનો અંત, મૂળ માલિકના વારસદાર આ મિલકત હવે લોકહિતના કાર્યમાં વપરાશે

(એજન્સી) ભાવનગર | તા.28

શહેરના રૂપાણી સર્કલ, ગોલીબાર હનુમાન મંદિર પાસે ભાવનગર રાજ્યના પૂર્વ સી.એમ. બળવંતભાઈ મહેતાએ લોક કલ્યાણ માટે પોતાની મિલકત સર્વન્ટ ઓફ પીપલ્સ સોસાયટી દિલ્લી ને સોપી હતી જના સંચાલક કિર્તીભાઈના અવસાન બાદ આ મિલ્કત વિવાદમાં સપડાઈ હતી જેની લાંબી લડત બાદ હાઈકોર્ટનો સ્ટે ઊઠી જતા મૂળ માલિકના વારસદારની આગેવાનીમા ચાલતા લોકસેવક મંડળને મિલ્કતનો કબ્જો પોલીસની હાજરીમાં સામાનની યાદી બનાવી સોપવાની કાર્યવાહી કરવામા આવી હતી જ્યા આવતા દિવસોમાં લોક કલ્યાણની વિવિધ પ્રવૃતિ હાથ ધરવામાં આવશે તેમ કાર્યકારી સંચાલક ભરત જાંબુચાએ જણાવ્યુ હતું. ભાવનગર રાજ્યના પૂર્વ સી.એમ. અને ભાવનગરના પનોતા પુત્ર બળવંતભાઈ મહેતાની રૂપાણી સર્કલ, ગોલીબાર હનુમાન મંદિર પાસે 'બળવંત ભવન નામે મિલકત છે. આ મિલ્કત સ્વર્ગસ્થ મુખ્યમંત્રી બળવંત મહેતાની શહીદી બાદ સર્વન્ટ ઓફ પીપલ્સ સોસાયટી દિલ્લી ને લોક કલ્યાણની પ્રવૃતિઓ માટે સોપાયેલી હતી. છેલ્લા ૩ કરતા વધુ વર્ષથી આ મિલકત તેમના મૂળ હેતુ માટે નહિ વપરાતા અને રહેણાકી કબજા અંગે વિવાદમાં હતી. અહીં લોક કલ્યાણની પ્રવૃત્તિ કરવા માટે જે તે વખતે કિર્તીભાઈ પંડયાએ આ પ્રવૃતિઓ ચલાવેલ. તેમના મૃત્યુ બાદ તેમના વારસદાર - પુત્ર ધર્મેન્દ્ર કિર્તીભાઈ પંડયા તથા પૌત્ર હર્ષ ધર્મેન્દ્રભાઈ પંડયાએ મિલકત પર ગેરકાયદેસર કબજો કરેલ.

## ન્યુઝ ફ્લેશ

### કાર - બાઈક વચ્ચે અકસ્માતમાં બે મિત્રના કમકમાટીભર્યા મોત

ધંધુકા : ધંધુકા તાલુકાના રાયસંગઢ ગામના પાટિયા પાસે કાર અને બાઈક વચ્ચે સર્જાયેલી ગમખ્વાર અકસ્માતની ઘટનામાં બે યુવાન મિત્રના કમકમાટીભર્યા મોત થયા હતા. બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર રાયસંગઢ ગામે રહેતા ઘનશ્યામભાઈ ધુડાભાઈ મઘરોલાનો એકનો એક પુત્ર શૈલેષભાઈ ગઈકાલે રવિવારે મોડીરાત્રિના સમયે તેમના મિત્ર રવિભાઈ સામતભાઈ ઓળકિયાની બાઈક લઈ રવિભાઈને ઉમરગઢના પાટિયા પાસેથી લેવા ગયા બાદ બન્ને મિત્ર બાઈક લઈ પરત આવી રહ્યા હતા. ગંભીર ઈજા થતાં બન્ને યુવાનના ઘટના સ્થળે જ કરૂણ મોત થયા હતા. બનાવની જાણ થતાં મૃતકના પરિવારજનો અને ગ્રામજનોએ દોડી જઈ બન્ને મૃતદેહને પોસ્ટમાર્ટમ માટે ધંધુકા રેફરલ હોસ્પિટલ ખસેડયા હતા.

### આણંદની મિનરવા ચોકડી પાસે ગળામાં છરીના ઘા મારી યુવકની હત્યા

આણંદ : આણંદ શહેરની મિનરવા ચોકડી નજીક ગઈકાલ રાત્રિના સુમારે ફૂટપાથ ઉપર સૂઈ રહેલ એક વ્યક્તિના ખિસ્સામાંથી કંઈક ચોરી કરવાનો પ્રયાસ કરી રહેલ શખ્સને ચોરી કરવાની ના પાડતા ઉશ્કેરાઈ ગયેલ શખ્સે ગળાના ભાગે છરીના ઘા મારી હત્યા કરી નાંખતા ભારે ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે આણંદ શહેર પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી શખ્સને ઝડપી પાડયો હોવાનું જાણવા મળ્યું છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ દાહોદ જિલ્લાના વતની મહેન્દ્રભાઈ મગનભાઈ ભગોરા આણંદ શહેરના અમીન ઓટો ફાટક નજીક આવેલ વેલ્ડિંગના કારખાનામાં રહે છે. તેમનો નાનો ભાઈ શૈલેષ ભગોરા (ઉં.વ.૨૮) જીઆઈડીસી વિદ્યાનગર નજીક રહી કડીયા કામની મજૂરી કરી જીવન ગુજરાન ચલાવતો હતો.

### કલોલ, દહેગામ અને માણસામાં પણ ગેમ ઝોન સંબંધેની તપાસ કરવા હુકમ

ગાંધીનગર : રાજકોટમાં સરકારી તંત્ર અને સંચાલકોની બેદરકારીથી ગેમ ઝોનમાં સર્જાયેલા અગન તાંડવમાં બાળકો સહિત માનવ જીંદગીઓ રોળાયાના પગલે પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ દ્વારા ગાંધીનગર ઝોનમાં તપાસનો આદેશ કરાયો છે. કલોલ, દહેગામ અને માણસામાં પણ ગેમ ઝોન સંબંધેની તપાસ કરવા ચીફ ઓફિસરની અધ્યક્ષતામાં ફાયર બ્રિગેડ, બાંધકામ, વીજ તંત્ર, મહેસૂલ, પોલીસ અને મિકેનીકલ અધિકારીઓની ટીમને દોડાવાઈ છે. વિવિધ સરકારી તંત્રની કામગીરી પર સવામણનો સવાલ ઉભો કરી દેનારા અગનકાંડના કારણે રાબેતા મુજબ જ આ સંબંધે રાજ્ય વ્યાપી તપાસના આદેશ કરી દેવાયા છે. તેમાં તમામ નગરપાલિકા વિસ્તારમાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે. તારીખ ૨૬મીએ જ આ મુદ્દે પ્રાદેશિક કમિશનરની કચેરી, નગરપાલિકાના ગાંધીનગર ઝોનમાં પણ તપાસ કરવા હુકમ કરાયો છે.

## હાઈકોર્ટનો હુકમ પાલિકા ઘોળીને પી ગઈ

# આણંદ ફાયર વિભાગમાં હંગામી કર્મીઓને કાયમી કરવાના હુકમની અવગણના

(એજન્સી) આણંદ | તા.28

સરકાર દ્વારા આણંદ શહેરના લાંભવેલ માર્ગ પરની ટીસ્કવેર હોસ્પિટલ નજીક રૂ.૫.૬૫ કરોડના ખર્ચે આધુનિક ફાયર સ્ટેશનની મંજુરી આપતા ફાયર સ્ટેશનના નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે કાયમી કર્મચારીઓ, જૂના ફાયર સ્ટેશનની અવદશા, નવા સાધનો સહિતના પ્રશ્નોનં નિરાકરણ આવે તેવી માંગ ઉઠી છે. આણંદ ખાતે ૧૫૦ જેટલા કર્મચારીઓની જરૂરિયાત છે. આણંદ ફાયર વિભાગમાં વર્ષોથી મોટાભાગે હંગામી કર્મચારીઓથી કામગીરી ચાલી રહી છે. આ અંગે કેટલાક કર્મચારીઓએ હાઈકોર્ટનો દ્વાર ખખડાવ્યા હતા. જેમાં હાઈકોર્ટે કાયમી કરવા હુકમ કરવા છતાં પાલિકા હુકમને ઘોળીને પી ગઈ હોવાનો રોષ હંગામી કર્મચારીઓએ વ્યક્ત કર્યો છે. તેમજ હાલમાં કાર્યરત બળીયાદેવ નજીકનું ફાયર સ્ટેશન જ્યાં કર્મચારીઓ માટે ક્વાટર્સ ઉભા કરવાના બદલે નેતાના ઈશારે વ્યવસાયિક જગ્યા ફાળવી હોય, તે પરત મેળવી ક્વાટર્સ બનાવવામાં આવે તથા આણંદ સોજિત્રા માર્ગ પરનું ફાયરસ્ટેશન કે જે ગોડાઉન જેવું બનવા પામ્યું છે, તે સ્થળે સુવિધા ઉભી કરી ફાયર વિભાગને સક્ષમ બનાવવા ઉપરાંત ૧૫ વર્ષના કેન્દ્રના વાહનો ભંગાર બનતા હોય કાઢી નાખવાના પગલે પાલિકા દ્વારા બારોબાર ફાયરવિભાગના વાહનોના વેપલા કરવામાં આવ્યા હોય આધુનિક સુવિધા સાધનોની પૂર્તતા કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.


જૂનું ફાયર સ્ટેશન ગોડાઉનમાં ફેરવાયું : 5.65 કરોડના ખર્ચે મંજૂર નવા ફાયર સ્ટેશનનું કામ સત્વરે કરવા માગણી

રાજ્ય સરકાર દ્વારા ફાયર વિભાગને ચાર ઝોનમાં વહેચ્યા બાદ તેમનો રાજ્ય સરકાર સેવામાં સમાવેશ કરવાના બદલે નગરપાલિકા, મહા નગરપાલિકા હસ્તે જ રાખવામાં આવતા સ્થાનિક નેતાઓના ચંચૂપાતના પગલે વિભાગને કાર્યક્ષમ બનવા પર સવાલ ઉઠવા પામ્યા છે.



### વડદલા પાટિયા પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈક ચાલકનું મોત

(એજન્સી) આણંદ | તા.28

આણંદ જિલ્લાના બોરસદ-તારાપુર હાઈવે માર્ગ પર આવેલ પેટલાદ તાલુકાના વડદલા પાટીયા નજીક આજે સવારના સુમારે હીટ એન્ડ રનની ઘટનામાં અજાણ્યા વાહનચાલકે એક મોટરસાયકલને ટક્કર મારતા એક વ્યક્તિનું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે પેટલાદ ગ્રામ્ય પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુધ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પેટલાદ તાલુકાના વડદલા ગામે તોરણીયાકુઈ સીમ વિસ્તારમાં રહેતા દિનેશભાઈ નાથાભાઈ પાટણવાડીયાના નાના ભાઈ મનુભાઈ પત્ની સાથે બોરસદ ખાતે ભાડાના મકાનમાં રહેતા હતા. આજે સવારના લગભગ દશેક વાગ્યાની આસપાસના સુમારે મનુભાઈ પાટણવાડીયા તારાપુરથી બોરસદ ઘરે જવા મોટરસાયકલ લઈને નીકળ્યા હતા.

## ડીએનએના આધારે ભાવનગરના મૃતક યુવાન એડવોકેટની ઓળખ થઈ

# રાજકોટ અગ્નિકાંડ : ભાવનગરના એડવોકેટનું મોત, અન્ય યુવાન લાપતા

(એજન્સી) ભાવનગર | તા.28

રાજકોટના એક ગેમ ઝોનમાં ગત શનિવારે અગ્નિકાંડની ઘટના બની હતી, જેમાં બાળકો સહિતના આશરે ૨૮ લોકોના મોત નિપજતા અરેરાટી મચી જવા પામી હતી. આ ઘટના બાદ ભાવનગર શહેર અને જિલ્લાના બે વ્યકિત લાપતા થયા હતા, જેમાં ડીએનએના આધારે ભાવનગરના મૃતક યુવાન વકીલની ઓળખ થઈ હતી. યુવાન વકિલના મૃત્યુંથી સમગ્ર પંથક આઘાત અને શોકમાં ગરકાવ થઈ ગયેલ છે. યુવાનના મૃતદેહને ભાવનગર લાવવામાં આવ્યો હતો. જેસરના રબારીકા ગામનો યુવાન ટીઆરપી ગેમ ઝોનમાં નોકરી કરતો હતો તે હજુ લાપતા હોવાનુ તંત્રએ જણાવ્યુ હતું. સરકારી તંત્ર પાસેથી મળતી વિગતો અનુસાર, રાજકોટના નાના મવા રોડ પર સયાજી હોટેલ પાસે બનેલા ટીઆરપી ગેમઝોનમાં ગત શનિવારે સાંજના સમયે અગ્નિકાંડની ઘટના બનતા દોડધામ મચી જવા પામી હતી, જેમાં બાળકો સહિત ૨૮ લોકો ભડથું થઈ જતા અરેરાટી મચી જવા પામી હતી. મૃતકોની ઓળખ થાય તેમ ન હોવાથી તેઓના ડીએનએના આધારે મૃતકની ઓળખ કરવામાં આવી રહી છે. આ ગેમ ઝોનમાં ભાવનગર શહેર અને જિલ્લાના બે યુવાન હતા, જેમાં વકીલ ઓમદેવસિંહ ગજેન્દ્રસિંહ ગોહિલ (આશરે ઉ. ૩૪ રહે. શાંતીનગર, કાળીયાબીડ, ભાવનગર) અને કલ્પેશ પ્રવીણભાઈ બગડા (આશરે ઉ. ૨૦ રહે. રબારીકા ગામ, તા. જેસર, જિ. ભાવનગર)નો સમાવેશ થાય છે. આ બંને યુવાનનો સંપર્ક નહીં થતા તેના પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી, જેમાં ઓમદેવસિંહ ગોહિલના મૃતદેહની ડીએનએના આધારે ઓળખ થઈ હતી. સમગ્ર પંથક આઘાત અને શોકમાં ગરકાવ થઈ ગયેલ છે. રાજકોટ અગ્નિકાંડની દુર્ઘટનામાં મૃતક ઓમદેવસિંહ સહિત તેના પાંચ સગા-સંબંધીઓના પણ મૃત્યુ થયા હોવાનુ સુત્રો પાસેથી જાણવા મળેલ છે. ઓમદેવસિંહના મૃતદેહને આજે સોમવારે સાંજે ૮.૩૦ કલાકે ભાવનગર તેના ઘરે લાવવામાં આવ્યો હતો. જેસર તાલુકાના રબારીકા ગામના કલ્પેશ બગડા ટીઆરપી ગેમ ઝોનમાં નોકરી કરતા હતા અને તેઓ હાલ રાજકોટ ખાતે રહેતા હતા પરંતુ તેઓનો પણ સંપર્ક થતો નથી તેમ ભાવનગર જિલ્લા કલેક્ટરના ડિઝાસ્ટર વિભાગના સુત્રોએ માહિતી આપતા જણાવેલ છે. રાજકોટની અગ્નિકાંડની ઘટના બાદ લોકોમાં રોષ ફાટી નિકળ્યો છે અને લોકો સરકારની ટીકા કરી રહ્યા છે. આ ઘટનાના જવાબદારો સામે કડકમાં કડક પગલા લેવામાં આવે તેવી લોકો માંગ ઉઠાવી રહ્યા છે.



## ડાકોર પાલિકા પાસે માત્ર એક જ વૉટર બ્રાઉઝર, બે વાહનો બંધ

(એજન્સી) ડાકોર | તા.28

રાજકોટના અગ્નિકાંડ બાદ પણ ડાકોર પાલિકા દ્વારા ફાયર સેફ્ટી અંગે કોઈ પગલાં લેવામાં ના આવતા હોવાની ફરિયાદો ઉઠી છે. પાલિકા પાસે ફાયર સેફ્ટી માટે માત્ર એક મોટુ વોટર બ્રાઉઝર છે. ફાયર બ્રિગેડના બે વાહનો છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં પડયાં છે. ત્યારે જો કોઈ દુર્ઘટના ઘટે તો ડાકોરની સાંકડી ગલીઓમાં આગ બુઝાવવા જઈ શકે તેવું એક પણ સાધન પાલિકા પાસે ના હોવાના આક્ષેપો નગરજનોમાંથી લાગ્યા છે. યાત્રાધામ ડાકોરમાં વર્ષ દરમિયાન લાખો શ્રદ્ધાળુઓ આવતા હોવાથી ગામમાં ઠેર ઠેર ગેસ્ટ હાઉસ, હોટલ્સ, રેસ્ટોરન્ટ્સ, ખાણીપીણીની લારીઓ, દવાખાના આવેલા છે. જેમાંથી મોટા ભાગના સ્થળોએ ફાયર સેફ્ટીની વ્યવસ્થા ના હોવાની ફરિયાદો ઉઠી છે. હાલમાં વેકેશન ચાલતું હોવાથી મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ડાકોર આવતા હોય છે. ત્યારે ડાકોરમાં જો કોઈ સ્થળે આગ લાગે તો સાંકડી ગલીઓમાં ફાયર બ્રિગેડનું વાહન જઈ શકે તેમ નથી.



## પેટલાદના ભવાનીપુરામાં શુદ્ધ પાણી માટે ગ્રામજનોના વલખા

(એજન્સી) આણંદ | તા.28

પેટલાદ તાલુકાના ભવાનીપુરા ગામે હરસિદ્ધિ માતાના મંદિર વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી અપુરતું અને ડહોળા પાણીનું વિતરણ કરવામાં આવતું હોવાની ફરિયાદો સ્થાનિકોમાંથી ઉઠી છે. કાળઝાળ ગરમીમાં પાણીની જરૂરિયાત વધુ હોય છે, ત્યારે દિવસ દરમિયાન માત્ર અડધો કલાક પાણી છોડવામાં આવતા સ્થાનિકોમાં રોષની લાગણી પ્રવર્તી છે. ભવાનીપુરા ગામે હરસિદ્ધિ માતાના મંદિર વિસ્તારમાં છેલ્લા ઘણાં દિવસોથી પાણી ડહોળું આવતું હોવાની ફરિયાદો ઉઠી છે. જેને કારણે ગ્રામજનો અને પશુઓને પીવાના પાણીની સમસ્યા ઉદ્ભવી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, છેલ્લા ઘણાં દિવસોથી પીવાલાયક પાણી આવતું નથી. તેમજ દિવસ દરમિયાન માત્ર અડધો કલાક જ પાણી છોડવામાં આવતા મુશ્કેલીઓ વધી છે. જેથી પશુઓને પણ પુરતુ પાણી પીવડાવી શકાતુ નથી. હાલ અસહ્ય ગરમીમાં પાણીની જરૂરિયાત વધુ પડતી હોય છે, ત્યારે અપુરતા પાણીને લઈ સ્થાનિકોને આમતેમ ભટકવાનો વારો આવ્યો છે.



## નડિયાદના ભોજા તલાવડી, બારકોશિયા વિસ્તારમાં દુષિત પાણી અંગે રજૂઆત

(એજન્સી) નડિયાદ | તા.28

નડિયાદ શહેરના ભોજા તલાવડી અને બારકોશિયા વિસ્તારમાં ઉભરાતી ગટરોના કારણે રોગચાળો ફાટી નીકળવાની સ્થિતિ નિર્માણ પામી છે. આ વિસ્તારોમાં રોગચાળો ફેલાય તે પહેલાં ગટરોની સફાઈ તેમજ ક્લોરિનેશન યુક્ત પીવાનું પાણી પૂરું પાડવામાં આવે તેવી કલેક્ટર સહિતનાને રજૂઆત કરાઈ છે. ખેડા જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેક્ટર, જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ ચીફ ઓફિસરને રજૂઆત કરી હતી કે, નડિયાદ નગરપાલિકા વિસ્તારમાં આવેલી પરિવાર સોસાયટી, ભોજા તલાવડી તથા તેની આસપાસની સોસાયટીઓ, બારકોશિયા રોડ પર છેલ્લા કેટલાક સમયથી મુખ્ય ગટર લાઈનનું પાણી પીવાના પાણીમાં ભળી જતા રોગચાળો ફાટી નીકળવાની સંભાવના છે. આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પીવા લાયક પાણી આવતું નથી. આ અંગે અગાઉ પણ નગરપાલિકામાં રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હોવાના આક્ષેપ લગાવ્યા હતા.



## વિરપુરના જૂના રતનકુવા ગામે 15 વર્ષથી ટાંકી બિનઉપયોગી

(એજન્સી) વિરપુર | તા.28

વિરપુર તાલુકાના જૂના રતનકુવા ગામે ૧૫ વર્ષ પહેલા નાસરોલી પાણી પુરવઠા યોજના દ્વારા બનાવવામાં આવેલી પાણીની ટાંકીમાં હજૂ સુધી પાણી ભરવામાં આવ્યું ના હોવાથી ગ્રામજનો રોષે ભરાયા છે. ટાંકી જર્જરિત બન્યા બાદ એક વર્ષ પહેલા લાખો રૂપિયાના ખર્ચે સમારકામ કરવામાં આવ્યું હતું છતાં પાણી આપવામાં તંત્ર દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા હોવાની ફરિયાદ ગ્રામજનોમાંથી ઉઠી છે. જૂના રતનકુવા ગામમાં ૧૫ વર્ષ પહેલા નાસરોલી પાણી પુરવઠા યોજના દ્વારા લાખો રૂપિયાના ખર્ચે પાણીની ટાંકી બનાવવામાં આવી હતી. એમજીવીસીએલમાંથી વીજળીનું કનેક્શન લેવામાં આવ્યું હતું. તેમજ પાઈપલાઈન પણ નાખવામાં આવી હતી પરંતુ પાણી પુરવઠા વિભાગ કે ગ્રામ પંચાયત દ્વારા છેલ્લાં ૧૫ વર્ષથી ટાંકીમાં પાણીનું ટીંપુય પાડવામાં ના આવ્યું હોવાનું ગ્રામજનો જણાવી રહ્યાં છે.

# રાજકોટ અગ્નિકાંડની ઘટના બાદ ભાવનગરમાં તપાસ યથાવત, અન્નપૂર્ણા ડ્રાઈનીંગ હોલ સીલ

(એજન્સી) ભાવનગર | તા.28

રાજકોટની અગ્નિકાંડની ઘટના બાદ સરકાર અને સરકારી તંત્ર જાગ્યુ છે. રાજકોટની અગ્નિકાંડની ઘટનાના પગલે રાજ્યભરમાં ખળભળાટ મચી જવા પામેલ છે. આ અગ્નિકાંડની ઘટનામાં બાળકો સહિત ૨૮ લોકોના મોત નિપજતા છે ત્યારે હવે સરકાર અને સરકારી તંત્ર સક્રીય થયા છે. રાજ્ય સરકારની સૂચના મુજબ ભાવનગર શહેર અને જિલ્લામાં કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી દ્વારા શહેર અને જિલ્લામાં ગેમ ઝોનમાં ફાયર સહિતના નિયમનુ પાલન થાય છે કે નહીં ? તેની તપાસ કર્યા બાદ હવે હોટલ, રેસ્ટોરન્ટમાં તપાસ કરવામાં આવી રહી છે. આજે સોમવારે શહેરમાં એક ડ્રાઈનીંગ હોલને નિયમનુ પાલન નહીં થતા સીલ કરવામાં આવ્યો હતો. સરકારી તંત્રના જણાવ્યા અનુસાર, રાજકોટની અગ્નિકાંડની ઘટના બાદ સરકારની સૂચના મુજબ ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર અને જિલ્લામાં આવેલ ગેમીંગ ઝોન, હોટલ્સ, મોલ્સ, રેસ્ટોરન્ટ તથા બેન્કવેટ હોલ વગેરે જેવી જગ્યાઓ જ્યા નાગરિકો મોટા પ્રમાણમાં એકત્રીત થાય છે તેવી જગ્યાઓમાં ફાયર સેફ્ટી અને તેને સંલગ્ન અન્ય બાબતોની ચકાસણી કરવા કમિટીની રચના કરવામાં આવી છે. ગત રવિવારે શહેર અને જિલ્લામાં ગેમ ઝોનમાં તપાસ કરાઈ હતી અને જે ગેમ ઝોનમાં ફાયર સેફ્ટી સહિતના નિયમનુ પાલન થતુ ન હતુ તે ગેમ ઝોનને સીલ કર્યા હતાં. તમામ નિયમનુ પાલન થયા બાદ ગેમ ઝોનને શરૂ કરવા મંજૂરી અપાશે.


## આણંદમાં સોમવારે 41 ડિગ્રી તાપમાન નોંધાયું

# 31 મે સુધી હીટસ્ટ્રોકથી બચાવના પગલા લેવા હવામાન વિભાગની સલાહ

(એજન્સી) આણંદ | તા.28

છેલ્લા બે દિવસથી સમગ્ર આણંદ જિલ્લામાં ધીમે ધીમે મહત્તમ તાપમાનનો પારો નીચે જતા જિલ્લાવાસીઓએ આકરી ગરમીમાંથી આંશિક રાહત મેળવી છે. આજે પણ મહત્તમ તાપમાનમાં લગભગ ૧.૫ ડી.સે.નો ઘટાડો નોંધાયો હતો.

આણંદ કૃષિ યુનિ.ના હવામાન વિભાગના જણાવ્યા મુજબ સોમવારના રોજ જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૧.૦ ડી.સે. અને લઘુત્તમ તાપમાન ૨૮.૫ ડી.સે. નોંધાયું હતું. જ્યારે હવામાં ભેજનું પ્રમાણ ૬૫ ટકા અને પવનની ઝડપ ૯.૧ કિ.મી./કલાક રહેવા પામી હતી. સમુદ્ર તરફથી ફૂંકાતા પવનોની ઝડપ વધતા ગરમીનું પ્રમાણ ઘટ્યું છે અને આગામી જૂન માસના પ્રથમ સપ્તાહમાં વરસાદની



સંભાવના હોવાનું હવામાન વિભાગ દ્વારા જણાવાયું છે.

અમદાવાદ સ્થિત હવામાન કેન્દ્ર દ્વારા આણંદ જિલ્લામાં પણ આગામી તા.૩૧ મે સુધી ઉષ્ણ અને ભેજયુક્ત હવામાનની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહીને ધ્યાને લઈ આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર આણંદ દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને તા.૩૧ મે સુધી હિટ વેવ અને હિટ સ્ટ્રોકથી બચવા જરૂરી પગલાં લેવા અપીલ કરવામાં આવી છે.

ગત સપ્તાહે સમગ્ર ગુજરાત રાજ્ય સહિત આણંદ જિલ્લામાં ગરમીએ કાળો કહેર વર્તાવ્યો હતો. હવામાન વિભાગ દ્વારા આણંદ જિલ્લામાં તા.૨૬ મે સુધી ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. લગભગ પાંચેક દિવસ મહત્તમ તાપમાનનો પારો ૪૫ ડી.સે.ને આસપાસ રહેતા જિલ્લાવાસીઓએ અગનગોળા વરસાવતી ગરમીનો અનુભવ કર્યો હતો.


જો કે છેલ્લા બે દિવસથી સૂર્યદેવતાએ નરમ રૂપ દાખવતા ધીમે ધીમે મહત્તમ તાપમાનનો પોર નીચે જઈ રહ્યો છે. જેને લઈ જિલ્લાવાસીઓએ કાળઝાળ ગરમીમાંથી આંશિક રાહત મેળવી છે. જો કે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ રહેતા બપોરના સુમારે હજી પણ આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.


### ભાવનગરમાં 24 કલાકમાં સાડા 4 ડિગ્રી તાપમાન ઉંચકાયું


(એજન્સી) ભાવનગર | તા.28


ભાવનગરમાં છેલ્લા બે સપ્તાહમાં હીટવેવીના લીધે આકરી ગરમીનો અનુભવ થયા બાદ ધીરે-ધીરે ગરમીમાં રાહત મળી હતી. જે તે વખતે હવામાન વિભાગે હીટવેવની આગાહી કરી હતી પરંતુ છેલ્લા ૨૪ કલાકમાં ભાવનગરના વાતાવરણમાં મોટો ફેરફાર આવતા અચાનક ગરમી વધી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ભાવનગરનું તાપમાન સાડા ચાર ડિગ્રી ઉંચકાયું છે. ગરમ અને ભેજવાળી હવાના કારણે ભાવનગરમાં આજે અંગ દઝાડતી ગરમી તથા ભેજનું પ્રમાણ વધતા ભારે બફારો અનુભવાયો છે. બપોરના સમયે લૂ ફેંકતા પવનના કારણે લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા.હવામાન વિભાગ દ્વારા ભાવનગરમાં હીટવેવની આગાહીને અનુલક્ષીને છેલ્લા બે સપ્તાહ દરમિયાન આકરી ગરમીનો અનુભવ થયા પછી ધીરે-ધીરે ગરમીનો પારો ગગડયો હતો અને તાપમાન ૪૦ ડિગ્રીની નીચે જતું રહ્યું હતું. પરંતુ હવામાન વિભાગ આગાહી કરે તે પહેલા અચાનક જ તાપમાનમાં આવેલા ઉછાળાથી લોકોએ ભારે ગરમી અનુભવી હતી.


## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
તમે આશાવાદના તબક્કા હેઠળ છો. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે.



**વૃષભ (બ,વ,ઉ)**
આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે.



**મિથુન (ક,છ,ઘ)**
તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.



**કર્ક (ડ,હ)**
મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે.



**સિંહ (મ,ટ)**
તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો.



**કન્યા (પ,ઠ,ણ)**
જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે.



**તુલા (ર,ત)**
દિવસે સારો લાભ થવાની શક્યતા છે. તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો. પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે.


- નયણા કોઠે નાળિયેર પાણીમાં લીબુંનો રસ ભેળવી પીવાથી શરીરમાંની ગરમી મૂત્ર અને મળ વાટે નીકળી જાય છે, તેમજ રક્ત શુદ્ધ થાય છે.
- ચહેરા પર ઝાંય: નાળિયેર પાણીને દિવસમાં બે વાર ચહેરા પર લગાડવાથી ચહેરા પરની ઝાંય અને કરચલી દૂર થાય છે.
- બ્લડપ્રેશર: બ્લડ પ્રેશરને અંકુશમાં રાખવા માટે નાળિયેર પાણી ફાયદાકારક છે. તેમાં રહેલાં વિટામિન સી, પોટેશિયમ અને મેગ્નેશિયમ બ્લડ પ્રેશર કન્ટ્રોલ કરે છે.
- શુગર લેવલને અંકુશમાં રાખે છે: રિસર્ચના અનુસાર નારિયેળ પાણીના સેવનથી રક્તનું સુગર લેવલ ઓછું થાય છે. વાસ્તવમાં ઈન્સ્યુલિનની કમીને કારણે જ ડાયાબિટિસની સમસ્યા થાય છે. નારિયેળ પાણી શરીરમાંના ઈન્સ્યુલિનને વધારે છે.

# પુરુષની લાઈફમાં વિવિધ રંગો સ્ત્રીના આગમનથી ભરાય છે

આમ તો સ્ત્રીઓને સાસરિયાંમાં પોતાનું અસ્તિત્વ સાબિત કરવા માટે કમ સે કમ ત્રીસ થી પાંત્રીસ વર્ષ લાગી જતાં હોય છે.કદાચ આ કારણોસર દીકરીઓના જન્મ સમયે જલેબી વહેંચવાનો રિવાજ પડ્યો હશે.જલેબી નું ગૂંચળું ભુલભુલામણી વાળું હોય છે પણ એની મીઠાસ જીભે લાગી જાય છે.કદાચ સ્ત્રીઓની બુધ્ધિ ક્ષમતા અને વ્યવહારિકતા,સમજણ ના લીધે પુરુષની લાઈફ રંગીન અને ખુશખુશાલ બનતી હોય છે.સ્ત્રીઓથી જ પરિવાર થી લઈને સૃષ્ટી ચાલે છે એ ૧00% પુરુષની લાઈફમાં વિવિધ રંગો સ્ત્રીના આગમન થી ભરાય છે બાકી દુનિયાભરનું વજન તો ગધેડો પણ ઉપાડી ને ફરે છે.



રંગીન દુનિયા

- રુપાલી દવે

સ્ત્રીની બુદ્ધિ સમજવા માટે મહાભારત ના યુદ્ધ ના સાચા અર્થ માં પ્રયોજક માતા કુંતી ના પાત્ર ને સમજવું પડશે.પતિ ના મૃત્યુ બાદ પાચ દીકરાઓ ને લઈને હસ્તિનાપુર આવી ત્યારે એને એના પુત્રો સાથે અનાથ માનવા માં આવી. વાસ્તવિકતા માં તો એજ હસ્તિનાપુર ની રાજ રાણી હતી પરંતુ મહેલ મા જગ્યા આપવાના બદલે મહેલ ના પ્રાંગણ માં બનેલ આઉટ હાઉસ જેવા ઘર માં પાંચ બાળકો સહિત રહેવા જગ્યા આપી અને ગાંધારી એ રસોડા ની કામગીરી એના માથા પર થોપી દીધી હતી. 'આંધળા ના પુત્ર આંધળા' બોલનાર દ્રૌપદી ને લગ્ન બાદ પાંડવો ઘરે લઈને આવ્યા ત્યારે પાંચેય સરખા ભાગે વહેંચી નાખો એમ બોલી ત્યારે એને ખબર જ હતી કે દ્રૌપદી ને સ્વયંવર માં અર્જુન એ હાંસિલ કરી છે..તો પછી પ્રશ્ન થાય કેમ? સ્ત્રી ને દુનિયામાં ખુદ સાથે થતાં અન્યાય થી ખાસ ફર્ક પડતો નથી હોતો પરંતુ એના બાળકો અને પતિ ની સાથે થતાં અન્યાય ને બિલકુલ હલકા માં નથી લેતી. માતા કુંતી જાણતા હતા કે દ્રૌપદી ની અતિ સૌંદર્ય ને લીધે બીજા ચાર ને અર્જુન ની ઈર્ષા આવતા પાંચેય વચ્ચેનો સંપ તૂટી જશે..

કુંતી મનોમન ઈચ્છતી હતી કે હસ્તિનાપુર ની ગાદી પર એના પતિ બાદ એના હક દુર્યોધન ગાદી પર યુધિષ્ઠિર જ બેઠશે.દ્રૌપદી ની બુધ્ધિ અને સૌંદર્ય માં એ તાકાત છે કે બાળપણ થી દુર્યોધન દ્વારા થતા આટઆટલા અત્યાચાર છતાંય ભીષ્મ પિતામહ ના સમજાવવાથી ચૂપચાપ સહી લેતા હતા એ દ્રૌપદી ના સંગ માં અન્યાય નો વિરોધ કરવા કઈ પણ કરશે..પાંચેય ને કૌરવો સામે માથું ઉચકી ને દ્રૌપદી એ જ યુદ્ધ કરવા તત્પર બનાવશે. આમ તો આખું મહાભારત નું યુદ્ધ એ બે સ્ત્રીઓ વચ્ચેની આપસી મૌન દુશ્મની ને લીધે થયું હતું.ગાંધારી ને ખબર હતી કે એના પુત્રો અનાથ પાંડવો સાથે ભેદભાવ અને અન્યાય નો વ્યવહાર કરે છે છતાંય એ આંખે પાટા બાંધી ને છતી આંખે અંધ બની ગઈ હતી... દ્રૌપદી ના સ્વયંવર માં માછલી ની આંખ અર્જુન સાથે કર્ણ એ પણ છેદી હતી તો પ્રશ્ન એમ થાય કે કર્ણ કેમ નહિ? ખુદ દ્રૌપદી એ રંગ મંડપ માં કર્ણ ને અન્ય સાથે જોયો ત્યારે એ કર્ણ નો દેખાવ જોતાજ એકદમ મુગ્ધ બની ને નક્કી કર્યું હતું કે સ્વયંવર નું પરિણામ જે આવે વરમાળા તો કર્ણ ને જ પહેરાવી શ પરંતુ ભગવાન શ્રી કૃષ્ણ એ એને યાદ અપાવ્યું કે તું અગ્નિ પુત્રી છો



એટલે તારી સુંદરતા અને પ્રચંડ અગ્નિ નો ઉપયોગ પાંડવો ને યુદ્ધ માટે પ્રવૃત કરવા માટે છે.કર્ણ પાંડુ પુત્ર છે પરંતુ એણે અન્યાયની સાથે જન્મ સાથેજ ગઠબંધન કર્યું છે..

ઘરે ઘરે મહાભારત નું યુદ્ધ જ ચાલે છે દેરાણી જેઠાણી ના ઝગડા માં ઘરમાં નણંદ ની ઉપસ્થિત હોય તો સમજવાનું કે તથાસ્તુ..કોઈ એ પૂછ્યું કે તમે કેમ આટલા બધા સરળ છો? મને ભાષણ આપવાની આદત એટલે કીધું કે ટૂંક માં વ્યાખ્યાન પતશે નહિ કેમકે લાઈફની લાંબી સફરે ઘણું શીખવ્યું છે જેમાં અમુક ખુશીઓ સાથે હવામાં ઉડાડ્યું ને બાકીનું હૃદય ના ઊંડા ખૂણા માં મૂકી ને ખુદને સમજાવ્યું કે કશુજ લઈ જવાતું નથી. કોઈના બોલવાથી લાઈફ ની ગતિ બદલવાની જરૂર નથી,કોઈ શું કહેશે? તો 'કોઈ' કોણ છે? લાઈફ ને નજીક થી સમજી ત્યારે ખબર પડી કે ખોટા વ્યર્થ દિવસો નકામી વાતો મા નાખ્યા પ્રત્યેક ને એના નસીબ નું મળવાનું છે.ન્યાય અન્યાય, સુખ,દુઃખ એ અનેક જન્મો ના ઋણાનું બંધન માં સતત બધાની સાથે ભાગતા હોય છે. ક્યારેય સુખ ને ભાઈબંધ બનાવવાનો નહિ કેમકે દુઃખ આવે ત્યારે ભૂતકાળ વધારે યાદ આવે છે.. દુનિયાનું સાચું સુખ અને સત્ય 'ભગવાન' છે એ જ સાચા ભાઈબંધ છે..કેમ? કેમકે એ માણસ સાથે સમગ્ર સૃષ્ટિ ના સર્જક છે.એ સમય આવ્યે તમારી સાથે થયેલા અન્યાયને ભૂલતા નથી, અન્યાય ને ન્યાય માં એ જ પરિવર્તિત કરશે એ નક્કી..આ વાત એક વાર્તા દ્વારા સમજીશું : ..બે માણસો જંગલ મા ગધેડા ચરાવવા ગયા ત્યારે એક માણસ એ બીજાને કીધું કે યાર!!!કુદરતના બદલતા રંગ માં એવું ઘણું બદલાયું કે જેની નોટિસ માણસ એ કરી જ નહિ.તો એવું શું બદલાયું માણસનું વ્યક્તિત્વ? પ્રશ્ન સાંભળી ને ચારો ચરી રહેલા એક ગધેડા ને ખૂબ હસવું આવ્યું એટલે હોંચી..હોંચી હોંચી કરીને કૂદકા મારતા અહી તહી ભાગવા લાગ્યો હતા.એને જોઈને ગધેડા નો બાકીનો સમૂહ પણ કારણ પૂછીયા વગર ગેલ માં આવીને કોરસ ચાલુ કર્યું.જંગલ ના ઝાડ પરના માળા માં બપોર નિંદ્રા મા પોઢી ગયેલા પક્ષીઓ પણ ગધેડા ઓનાં કોરસ માં જાગી ગયા.એ પણ એના રાગ આલાપ માં ખુશીમાં ગાવા લાગ્યા.મતલબ આખા જંગલ મા કોલાહલ મચી ગયો. પક્ષીઓમાં કાગડો ખૂબ બુધ્ધિશાળી અને યમ નો દૂત માનવા મા આવે છે.એને થયું કે અચાનક એવું તે શું થયું કે ગધેડા ના સુર માં સુર પક્ષીઓ પણ મેળવે છે. આ વાત સિંહ રાજા ને કાને જઈને કહી આવું તો.. પણ કાગડા ની પત્ની ભારે જબરી ને કાગડા કરતાંય બુધ્ધિ વાળી..કેમ? કેમ શું પત્ની બન્યા બાદ મોટાભાગની સ્ત્રીઓ ની બુધ્ધિ પ્રતિભા માં વધારો થાય છે. ભલે કાન બે,આંખ બે અને નાક અને જીભ એક હોય પણ બધુજ ધ્યાનમાં લેવું પડે છે. પુરુષ યુવાન માંથી પતિ બની જાય પછી મોટાભાગ એ પતિ જાય છે..'સ્ત્રી ની બુધ્ધિ પગ ની પાની એ' કહેવત બનાવનાર એની પત્નીના રડાર થી ખૂબ થાક્યો હશે એટલે જ આ કહેવત બનાવી હશે..

..કાગડી એ અન્ય પ્રાણી પક્ષીઓની સાથે પતિ કાગડા ને હસતા જોઈને પૂછ્યું કે પતિદેવ કેમ હસો છો? અલ્યા!!કાગડો બોલ્યો કે ગધેડો હસ્યો તો પ્રાણીઓ હસ્યા ને પ્રાણીઓ હસ્યા તો પક્ષીઓ હું કેમ હસુ છું એતો ગધેડો જાણે.કાગડી એ કહ્યું કે મતલબ એ કે માણસ ને કુદરત વધારે રંગીન દેખાતા ગધેડો હસ્યો હતો એની સાથે જંગલમાં હાસ્ય રસ ફેલાયો.કાગડા એ કહ્યું કે ભાગ્યવાન,સત્ય એ છે કે માણસના જીવનમાં સ્ત્રી નું આગમન થતાંજ એને બધુજ રંગીન દેખાવવા લાગ્યું હતુ એટલે કુદરત વધારે રંગીન દેખાતી હતી.

# પુત્રના ગ્રેજ્યુએશન સેરેમનીમાં પૂર્વ પત્ની સાથે જોવા મળ્યો હૃતિક રોશન...



## હૃતિક પુત્રો અને સુઝાન સાથે પોઝ આપતો જોવા મળ્યો, બંનેના 2014માં થયાં હતાં અલગ...

મુંબઇ : બોલિવૂડ એક્ટર હૃતિક રોશન અને તેની પૂર્વ પત્ની સુઝાન ખાન મોટા પુત્ર રુહાનના ગ્રેજ્યુએશન સેરેમનીમાં હાજરી આપતા જોવા મળ્યા હતા. સુઝાન તેના પુત્રનું સ્કૂલિંગ પૂરું થયા બાદ યોજાયેલા સેરેમનીનો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે. જેમાં હૃતિક અને સુઝાન તેમના બંને પુત્રો સાથે ખૂબ જ ખુશ જોવા મળી રહ્યા છે.
વીડિયોમાં રુહાન સ્ટેજ પર જતો જોવા મળી રહ્યો છે. વચ્ચે તે અટકી જાય છે અને તેના નાના ભાઈ રુદાન સાથે ફોટા ક્લિક કરે છે. આ પછી, તે સ્ટેજ પર જતો અને તેના બેચમેટ્સ સાથે ટોપીઓ ઉછાળતો જોવા મળે છે. બાદમાં રુહાન કેક કાપતો અને માતા-પિતા સાથે પોઝ આપતો જોવા મળે છે.
આ વીડિયો શેર કરતી વખતે સુઝાને લખ્યું, 'મને ખબર નથી કે અમે ક્યાં જઈ રહ્યા છીએ પરંતુ મને ખબર છે કે હું મારા રસ્તા પર છું. મારા પુત્ર, તને ખૂબ ખૂબ અભિનંદન. હું તારી પાસેથી દરરોજ કંઈક નવું શીખું છું. આ તમારા જીવનની ખુશ ક્ષણોની શરૂઆત છે.
હૃતિકના પિતા અને ફિલ્મ નિર્માતા રાકેશ રોશને સુઝાનની પોસ્ટ પર લખ્યું, - રુહાનને ખૂબ ખૂબ અભિનંદન. આ માત્ર શરૂઆત છે. દેવ આશિર્વાદ.' ફરહાન અખ્તરે લખ્યું, 'ખૂબ અભિનંદન'. રવિના ટંડને લખ્યું, 'અભિનંદન'. સુઝાનના બોયફ્રેન્ડ અરસલાન ગોનીએ પણ રુહાનને અભિનંદન પાઠવ્યા હતા.
18 વર્ષનો રુહાને મુંબઈની ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતો હતો. સ્કૂલિંગ પછી હવે તે સંગીત શીખવા માટે અમેરિકાની બર્કલે કૉલેજ ઑફ મ્યુઝિકમાં જશે. ડિસેમ્બર 2023માં સુઝાને સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ જાણકારી આપી હતી.


### હૃતિક-સુઝાનના 2014માં છૂટાછેડા થયા

હૃતિકે વર્ષ 2000માં સુઝેન ખાન સાથે લગ્ન કર્યા હતા. બંનેએ 2014માં એકબીજા સાથે છૂટાછેડા લીધા હતા. રુહાન અને રુદાન બંને સુઝાન અને હૃતિકના પુત્રો છે. છૂટાછેડા પછી સુઝાનને બંને પુત્રોની કસ્ટડી મળી. તે અને હૃતિક તેમના બાળકોના સહ-માતાપિતા છે.
સમયાંતરે બંને પુત્રો સાથે સમય વિતાવવા વેકેશન પર પણ જાય છે. છૂટાછેડાના થોડા વર્ષો પછી સુઝાને અરસલાન ગોનીને ડેટ કરવાનું શરૂ કર્યું. હૃતિકે એક્ટ્રેસ સબા આઝાદ સાથેના સંબંધોને ઓફિશિયલ કર્યા હતા.

### કરન જોહરે ધડક-2ની જાહેરાત કરી...

# એનિમલ ફેમ તૃપ્તિ ડિમરી સિદ્ધાંત ચતુર્વેદીની સાથે જોવા મળશે, જાતિવાદ પર આધારિત હશે વાર્તા

મુંબઇ : કરન જોહરે સોમવારે તેની આગામી ફિલ્મની જાહેરાત કરી છે. આ ફિલ્મ 'ધડક 2' છે જે 2018માં રિલીઝ થનારી જાહ્નવી કપૂરની ફિલ્મની 'સ્ટેન્ડઅલોન'ની સિક્વલ હશે.ખાસ વાત એ છે કે 'એનિમલ' ફેમ એક્ટ્રેસ તૃપ્તિ ડિમરી આ ફિલ્મ દ્વારા પહેલીવાર કરન જોહર સાથે કામ કરશે. ફિલ્મમાં તૃપ્તિની સામે 'ગલી બોય' ફેમ સિદ્ધાંત ચતુર્વેદી જોવા મળશે. આ ફિલ્મનું નિર્માણ ધર્મા પ્રોડક્શન્સ, ઝી સ્ટુડિયો અને ક્લાઉડ 9 પિક્ચર્સ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. ફિલ્મ આ વર્ષે 22મી નવેમ્બરે રિલીઝ થશે. આ ફિલ્મનું નિર્દેશન શાઝિયા ઈકબાલ દ્વારા કરવામાં આવશે.



### જ્ઞાતિ અલગ હતી..વાર્તાનો અંત

સોમવારે નિર્માતાઓએ 1 મિનિટનું ટીઝર રિલીઝ કરીને ફિલ્મની જાહેરાત કરી.
ટીઝરમાં એક દિવાલ પર લોહીથી લખેલું છે - 'એક રાજા હતો, એક રાણી હતી, જાતિ અલગ હતી.. વાર્તા પૂરી.'
આ પછી સિદ્ધાંતનો અવાજ સંભળાય છે. તે કહે છે- 'વિધિ, તું જે સપનું જોઈ રહી છે તેમાં મારા માટે કોઈ સ્થાન નથી. જવાબમાં તૃપ્તિ કહે છે- 'તો નિલેશ, મને કહો કે આ લાગણીઓનું શું કરવું.'

### ટીઝર પરથી સ્ટોરી સ્પષ્ટપણે જોઈ શકાય છે

ફિલ્મના ટીઝર પરથી ફિલ્મની વાર્તા સ્પષ્ટપણે સમજી શકાય છે. આ ફિલ્મ 'ધડક'ની સિક્વલ હોવાનું જાણવા મળતાં જ એ વાત પણ સ્પષ્ટ થઈ ગઈ છે કે ફરી એકવાર બે પ્રેમીપંખીડા પોતાના પ્રેમ મેળવવા માટે પરિવાર સાથે લડતા જોવા મળશે. તે જોવાનું રસપ્રદ રહેશે કે તેના ટ્રેલરમાં અને ફિલ્મમાં શું નવું હશે કે દર્શકો આ ફિલ્મ જોવા માટે થિયેટરોમાં જશે.

**ધડક મરાઠી ફિલ્મ 'સૈરાટ'ની રિમેક હતી :** શ્રીદેવીની પુત્રી જાહ્નવી કપૂરે 2018માં રિલીઝ થયેલી 'ધડક'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. જેમાં તેની સામે ઈશાન ખટ્ટર જોવા મળ્યો હતો. આ ફિલ્મનું નિર્દેશન શશાંક ખેતાન દ્વારા કરવામાં આવ્યું હતું અને કરન જોહરે નિર્મિત કર્યું હતું. તે 2016માં રિલીઝ થયેલી મરાઠી ફિલ્મ 'સૈરાટ'ની રિમેક હતી. 41 કરોડ રૂપિયામાં બનેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર 110 કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

# સલમાનની સિકંદરમાં કટપ્પા માં વિલન રોલમાં જોવા મળશે

## એક્ટર સત્યરાજે ઈન્ટરવ્યૂમાં કન્ફર્મ કર્યું હતું કે, 'સલમાન અને રશ્મિકા પહેલીવાર ફિલ્મમાં સાથે કામ કરશે'



મુંબઇ : સાઉથના ફેમસ એક્ટર સત્યરાજે સલમાન ખાનની આગામી ફિલ્મ 'સિકંદર'માં એન્ટ્રી કરી છે. ચર્ચા છે કે આ ફિલ્મમાં તે સલમાનની સામે વિલનની ભૂમિકામાં જોવા મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે સત્યરાજે 'બાહુબલી' ફ્રેન્ચાઈઝીમાં કટપ્પાની ભૂમિકા ભજવી હતી. એક્ટરે હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે તેમને 'સિકંદર'માં કાસ્ટ કરવામાં આવ્યો છે. આ સાથે જ જણાવ્યું છે કે તે આ સલમાન સ્ટારર ફિલ્મમાં વિલનની ભૂમિકામાં જોવા મળશે, જેનું નિર્દેશન એઆર મુરુગાદોસ કરી રહ્યા છે.

### સાજિદ નડિયાદવાલા આ ફિલ્મનું નિર્માણ કરશે

આ ફિલ્મમાં સલમાન અને રશ્મિકા પહેલીવાર સાથે કામ કરશે. તેનું દિગ્દર્શન એઆર મુરુગાદોસ કરશે, જેમણે 'ગજની' અને 'હોલિડે' જેવી ફિલ્મોનું નિર્દેશન કર્યું હતું. સાજિદ નડિયાદવાલા તેના નિર્માતા હશે. આ ફિલ્મ આવતા વર્ષે ઈદ પર રિલીઝ થશે. નિર્માતા સાજિદ નડિયાદવાલા સાથે સલમાને 'જુડવા', 'મુઝસે શાદી કરોગી' અને 'કિક' સહિત ઘણી હિટ ફિલ્મો આપી છે. 'સિકંદર' પહેલાં મુરુગાદોસ અને સલમાને 2014માં રિલીઝ થયેલી ફિલ્મ 'જય હો'માં પણ સાથે કામ કર્યું હતું. મુરુગાદોસ એ ફિલ્મના લેખક હતા.


### સલમાન-રશ્મિકા સાથે કામ કરશે

આ મહિનાની શરૂઆતમાં 9 મેના રોજ, નિર્માતાઓએ ફિલ્મ સાથે સંબંધિત બીજી જાહેરાત કરી હતી. નિર્માતાઓએ જણાવ્યું હતું કે ફિલ્મમાં સલમાનની સાથે રશ્મિકાને કાસ્ટ કરવામાં આવી છે.
મેકર્સે લખ્યું હતું કે, 'અમે સલમાનની સામે ફિલ્મ 'સિકંદર'માં રશ્મિકાને વેલકમ કરીએ છીએ. તેમના ઓન-સ્ક્રીન જાદુને જોવા માટે રાહ જોઈ શકતા નથી.

### 1960ના દાયકાને યથાવત રાખવા માટે ખાસ ટ્રેન બનાવાઇ...

# કાર્તિક આર્યનની આગામી ફિલ્મના 1 ગીત માટે દિગ્દર્શકે વિશેષ ટ્રેન બનાવી

મુંબઇ : કાર્તિક આર્યન હાલ પોતાની આગામી ફિલ્મ ચંદુ ચેમ્પિયનના શૂટિંગમાં વ્યસ્ત છે. હાલમાં જ ફિલ્મસર્જકે ફિલ્મના પ્રથમ ગીત સત્યાનાસને રિલીઝ કર્યુ હતું જેમાં અભિનેતા સાથે તેના યુવાન મિત્રો પોતાના જીવનના નવા ચેપ્ટરની શરૂઆત કરવાનો આનંદ માણી રહેલા જોવા મળે છે. સોશયલ મીડિયાના એક પોર્ટલના અનુસાર, આ ગીતના શૂટિંગને ચાર દિવસ લાગ્યા હતા. ફિલ્મની વાર્તામાં ૧૯૬૦નો દાયકો દાખવવામાં આવવાનો છે, તેથી સમયને ધ્યાનમાં રાખીને ખાસ ટ્રેન બનાવામાં આવી હતી.
પ્રોડકશન સાથે જોડાયેલા એક સૂત્રે જણાવ્યુ હતું કે, સત્યાનાસ ગીતનું શૂટિંગ ચાર દિવસ સુધી કરવામાં આવ્યું હતું. તેમજ આ ગીતને વિશેષ રીતે બનાવામાં આવ્યું હતું જેથી ૧૯૬૦ના સમયના સેટને યોગ્ય લાગે અને દર્શકો એ વાઇબ્સનો અનુભવ કરી શકે. ઉલ્લેખનીય છે કે, ફિલ્મ ચંદુ ચેમ્પિયન ૧૪ જુનના રોજ રિલીઝ કરવાની યોજના છે.



# દિગ્દર્શક જગન શક્તિએ આગામી ફિલ્મ માટે અજય દેવગણનો સંપર્ક કર્યો

મુંબઇ : દિગ્દર્શકત જગન શક્તિએ પોતાની આગામી ફિલ્મ માટે અજય દેવગણનો સંપર્ક કર્યો છે.
અભિનેતાને ફિલ્મની વાર્તાનો વિષય પસંદ આવ્યો છે. તેથી આશા છે કે, અજય દેવગણ આ ફિલ્મમાં કામ કરવા રાજી થઈ જશે. જો બધુ સમુસુથરુ પાર પડશે તો અભિનેતા આ ફિલ્મ સાઈન કરી લેશે.
સોશયલ મીડિયાના એક પોર્ટલના અનુસાર, જગન શક્તિએ પોતાની આગામી ફિલ્મ માટે અજય દેવગણનો સંપર્ક કર્યો છે. બન્ને વચ્ચે હાલ વાતચીત ચાલી રહી છે અને આશા છે કે, અજય દેવગણ આ ફિલ્મ સાઈન કરીને તરત જ કામ શરૂ કરશે. જોકે આ ફિલ્મ વિશે વધુ માહિતી આપવામાં આવી નથી.
જગન શક્તિવ્યસ્ત દગ્દર્શકોમાંનો એક છે અને તેણે મિશન મંગલ ફિલ્મથી દર્શકોમાં જાણીતો થયો છે.



# દીપિકા પાદુકોણનો યેલો ગાઉન માત્ર 20 મિનિટમાં વેચાયો, જાણો કેટલી છે કિંમત?

## દીપિકા પાદુકોણે ગૌરી અને નૈનિકાએ ડિઝાઈન કરેલો ગાઉન વેચી દીધો : માત્ર 20 મિનિટમાં વહેચાયો દીપિકાનો યેલો ગાઉન

મુંબઇ : અભિનેત્રી દીપિકા પાદુકોણે પોતાનો યેલો મેટરનિટી ગાઉન વેચી દીધો છે. તેણીએ હાલ જ બ્યુટી બ્રાન્ડ 82Eની એક ઈવેન્ટ દરમિયાન આ યેલો ગાઉન વેચ્યો હતો. દીપિકા પાદુકોણે આ ઈવેન્ટ માટે ગૌરી અને નૈનિકાએ ડિઝાઈન કરેલો ગાઉન પહેર્યો હતો જે તેણે 34,000 રૂપિયામાં વેચ્યો હતો. આમાંથી જે આવક થશે તે દાનમાં આપવામાં આવશે.
દીપિકા પાદુકોણે ઈન્સ્ટાગ્રામ પર તેના ગાઉનના વેચાણની જાહેરાત કરી અને માત્ર 20 મિનિટ બાદ તેણે માહિતી આપી કે તેનો યેલો મેટરનિટી ગાઉન વેચાઈ ગયો છે. સોમવાર 27 મેના રોજ અભિનેત્રીએ તેની વ્યક્તિગત વેબસાઈટ પર ફ્રેશ ઓફ ધ રેક સેગમેન્ટના રૂપમાં ચેરિટી સેલનું આયોજન કર્યું હતું. તેણે ક્લોસેટમાં ચેરિટી સેલ માટે તે જ યેલો ગાઉન રાખ્યો જે તેણે થોડા સમય માટે પહેર્યો હતો.
દીપિકા પાદુકોણે તેની ઈન્સ્ટાગ્રામ રીલમાં યેલો ગાઉન પહેરેલી પોતાની કેટલીક તસવીરો શેર કરી હતી અને લખ્યું હતું કે, "ફ્રેશ ઓફ ધ રેક! આ કોને મળશે!? હંમેશની જેમ વેચાણમાંથી થતી આવક @tlllfoundation પહેલને સમર્થન આપે છે.' ચેરિટીની 'ફ્રેશ ઓફ ધ રેક' પહેલના ભાગ રૂપે તેના દેખાવના 72 કલાક પછી જ ગાઉન વેચાણ માટે મૂકવામાં આવ્યું હતું.
તેણીએ તેના ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર રીલ શેર કરી હતી જેમાં તેના 'ક્લોસેટ'ની લિંક હતી જે પોશાકની કિંમત દર્શાવે છે. થોડીવારમાં જ ડિઝાઈનર 34,000 રૂપિયામાં વેચાઈ ગયો હતો. થોડીવાર પછી તેણીએ તેના ગાઉનની રસીદને ટેગ કરતો એક ફોટો શેર કર્યો જેમાં તેના પર 'સોલ્ડ આઉટ' લખેલું હતું. તેની ટીમનો દાવો છે કે આ ગાઉન 20 મિનિટમાં વેચાઈ ગયો હતો.



**દીપિકા પાદુકોણ વર્ક ફ્રન્ટ :** વર્ક ફ્રન્ટની વાત કરીએ તો દીપિકા પાદુકોણ સાયન્સ-ફાઈ એક્શન ફિલ્મ 'કલ્કી 2898 એડી'માં જોવા મળશે. અખિલ ભારતીય ફિલ્મમાં પ્રભાસ, અમિતાભ બચ્ચન અને કમલ હાસન પણ મુખ્ય ભૂમિકામાં છે. આ સિવાય દીપિકા રોહિત શેટ્ટીની ફિલ્મ 'સિંઘમ અગેઈન'માં પણ જોવા મળશે. મલ્ટી-સ્ટારર એક્શન ડ્રામા તેના પતિ રણવીર સિંહ, અજય દેવગન, કરીના કપૂર ખાન, અક્ષય કુમાર, ટાઈગર શ્રોફ અને અર્જુન કપૂર પણ છે.

### પતિના કપડાંની પસંદગી: સ્ત્રીઓનો અધિકાર...

# હું ટ્રેક પેન્ટ-ટી-શર્ટ પહેરું એ ટ્વિંકલને પસંદ નથી : અક્ષયકુમાર

Bollywood News




મુંબઇ : અક્ષય કુમારે કહ્યું કે તેની પત્ની ટ્વિંકલ ખન્ના તેના કપડા અને સ્ટાઈલ પર રિવ્યૂ આપવામાં આનંદ અનુભવે છે. તાજેતરની વાતચીત દરમિયાન, અક્ષયે ખુલાસો કર્યો કે ટ્વિંકલ તેના કપડાંને કેવી રીતે જજ કરે છે. આટલું જ નહીં, તેને અક્ષય ટ્રેક પેન્ટ અને ટી-શર્ટ પહેરે તે પણ પસંદ નથી. એક ઈન્ટરવ્યૂમાં અક્ષયે કહ્યું અલબત્ત! મને લાગે છે કે પતિના કપડાંની પસંદગીની ટીકા કરવી એ તમામ પત્નીઓનો અધિકાર છે. આનાથી તેઓ ખુશ થાય છે. હા, જ્યારે અમે કોઈ પણ ફંક્શન માટે સાથે તૈયાર થઈએ છીએ ત્યારે તે તેનું ખાસ ધ્યાન રાખે છે. ઠીક છે, તેને અમે કેવા દેખાઈએ છીએ તેની પરવા નથી. પરંતુ જ્યારે અમે સાથે બહાર જઈએ છીએ, ત્યારે તે ખાસ કરીને ઈચ્છે છે કે હું મારું ટ્રેક પેન્ટ અને ટ્રેનિંગ ટી-શર્ટ પહેરવાનું ટાળું. જો કે, હું તેને દોષ આપી શકતો નથી.'2019માં એક ઈન્ટરવ્યૂમાં ટ્વિંકલે અક્ષયના કપડા વિશે ખુલાસો કર્યો હતો. તેણે કહ્યું હતું કે અક્ષય પાસે 350 શૂઝ છે. એક આખો ઓરડો તેમના કપડાં માટે જ છે. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે કોણ તૈયાર થવામાં વધુ સમય લે છે?. આના પર ટ્વિંકલે કહ્યું હતું કે, હું વધુ સમય લઉં છું. તે ખૂબ જ ઝડપી છે. પરંતુ તેની પાસે એક આખો રૂમ છે, જે તેની ફેશન સેન્સ અને તેના મનપસંદ કપડાંથી ભરેલો છે. અક્ષયને તૈયાર કરવા માટે તેની પાસે 11 લોકો છે. મારી પાસે કોઈ નથી, તેથી હા મને વધુ સમય લાગે છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો અક્ષય હાલમાં જ ટાઈગર શ્રોફ સાથે ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'માં જોવા મળ્યો હતો. તેના આગામી પ્રોજેક્ટ્સની વાત કરીએ તો તે 'વેલકમ ટુ ધ જંગલ' અને 'સરફીરા'માં જોવા મળશે.

# Bigg Boss 17ના વિજેતા મુનાવરે કરી લીધા બીજા લગ્ન?

મુંબઇ : બિગ બોસ 17ના વિજેતા મુનાવર ફારૂકી પોતાની પર્સનલ લાઈફને લઈને અવારનવાર ચર્ચામાં રહે છે. હવે એવા અહેવાલ છે કે, ફારૂકીએ ગુપચુપ લગ્ન કરી લીધા છે. તેમના લગ્ન 10-12 દિવસ પહેલા થયા હતા. આ લગ્નમાં માત્ર તેના નજીકના લોકો જ હાજર રહ્યા હતા. આ પહેલા ફેન પેજ દ્વારા આ સમાચાર સામે આવ્યા હતા. જે બાદ તેમના નજીકના એક સૂત્રએ આ સમાચારની પુષ્ટિ કરી હતી.
એક રિપોર્ટ અનુસાર, મુનવ્વરના લગ્ન મુંબઈના ITC મરાઠામાં થયા હતા. તેણે આ લગ્નને ખાનગી રાખ્યા હતા અને કોઈ ફોટો શેર કર્યો ન હતો. તેની નવી પત્નીનું નામ મેહઝબીન કોટવાલા (Mehzabeen Coatwala ) છે, જે વ્યવસાયે મેકઅપ આર્ટિસ્ટ છે. મુનવ્વરે આ લગ્ન અંગે હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી.

# બોની કપૂરે મિ. ઇન્ડિયા ફિલ્મની રિલીઝના 37 વર્ષ પછી સિકવલની હિન્ટ આપી...





મુંબઇ : બોની કપૂરે પોતાનલ્હિટ ફિલ્મની સીકવલની ઘોષણા કરી છે. તેણે સોશયલ મીડિયાપર એક વીડિયોપણ શેર કર્યો છે. જેમાં તેણે મિસ્ટર ઈન્ડિયાના સેટના પડદાની પાછળની એક તસવીર મુકી છે. જેમાં એક ઘડિયાળ જોવા મળે છે. આ વીડિયો સાથે બોની કપૂરે કેપ્શનમાં લખ્યું છે કે, ન દેખાતી ઘડિયાળ પણ આજે ઓર્બિટમાં છે. એણે ૩૭ વરસની મુસાફરી પુરી કરી લીધી છે. અને હવે આ જાદુને ફરી ચલાવવા માટે હું રિચાર્જ થઇ રહ્યો છું.
ઉલ્લેખનીય છે કે, અનિલ કપૂર અને શ્રીદેવી અભિનિત ફિલ્મ મિ. ઇન્ડિયા એક સાયન્સ-ફિકશન ફિલ્મ હતી. જેમાં અનિલ કપૂરને તેના પિતાની એક એવી ઘડિયાળ મળે છે કે જેના પહેરવાથી તે ગાયબ થઇ જતો હતો. ફિલ્મ બ્લોક બસ્ટર થઇ હતી અને એ સમયે આ ફિલ્મે રૂપિયા ૧૦ કરોડની કમાણી કરી હતી.

# નડાલ ફ્રેન્ચ ઓપનના પ્રથમ રાઉન્ડમાંથી બહાર થયો: ઝવેરેવ સીધા સેટમાં હરાવ્યો



પેરિસ તા 28

લાલ માટીના રાજા તરીકે ઓળખાતો રાફેલ નડાલ ફ્રેન્ચ ઓપનના પ્રથમ રાઉન્ડમાંથી બહાર થઈ ગયો છે. 14 વખતના ચેમ્પિયન નડાલને ચોથા ક્રમાંકિત એલેક્ઝાન્ડર ઝવેરેવ સામે સીધા સેટમાં 6-3, 7-6 અને 6-3થી પરાજય મળ્યો હતો. આ સાથે જ ભારતના નંબર-1 ટેનિસ ખેલાડી સુમિત નાગલને પણ પ્રથમ રાઉન્ડમાં હારનો સામનો કરવો પડ્યો હતો. તેને વિશ્વમાં નંબર 18 રશિયાના કેરેન ખાચાનોવે સીધા સેટમાં 6-2, 7-6, 6-0થી હાર આપી હતી. સિત્સિપાસ અને સિનરે અન્ય પુરૂષ સિંગલ્સ મેચ જીતી હતી. વુમન્સ સિંગલ્સમાં ટોચની ક્રમાંકિત ઈગા સ્વાઈટેક અને નાઓમી ઓસાકાનો વિજય થયો હતો. નડાલ-ઝવેરેવ મેચ 3 કલાક ચાલી 14 વખતના ચેમ્પિયન રાફેલ નડાલ અને યુવા સ્ટાર એલેક્ઝાંડર ઝવેરેવ વચ્ચે પ્રથમ રાઉન્ડની મેચ 3 કલાક 5 મિનિટ સુધી ચાલી હતી. આમાં ગાઢ હરીફાઈ હતી. ઝવેરેવે પહેલો સેટ 6-3થી જીતીને મેચમાં સરસાઈ મેળવી લીધી હતી. મેચનો બીજો સેટ વધુ રોમાંચક રહ્યો હતો. આમાં બંને સ્ટાર્સ એક-એક પોઈન્ટ માટે લડતા જોવા મળ્યા હતા. ઝવેરેવે આ સેટ 7-6થી જીતીને પોતાની લીડ બમણી કરી હતી. ત્રીજો સેટ નડાલ માટે કરો અથવા મરોનો હતો, પરંતુ તે તેને બચાવી શક્યો નહીં અને 3-6થી હારી ગયો. બંનેની છેલ્લી મુલાકાત ફ્રેન્ચ ઓપન 2022ની સેમિફાઈનલમાં થઈ હતી, જેમાં ઝવેરેવ પગની ઘૂંટીની ઈજાને કારણે ખસી ગયો હતો. રાફેલ નડાલ હાર્યા બાદ કોર્ટમાંથી બહાર નીકળી રહ્યો છે. તેણે અહીં 14 ટાઈટલ જીત્યા છે. ફોટો- ફ્રેન્ચ ઓપન. વિશ્વમાં નંબર 94 નાગલે આ વર્ષે તેના સતત સારા પ્રદર્શન બાદ ગ્રાન્ડ સ્લેમના મુખ્ય ડ્રોમાં સીધો પ્રવેશ મેળવ્યો હતો. 5 વર્ષ પછી, કોઈ ભારતીય ખેલાડી ફ્રેન્ચ ઓપનના મુખ્ય ડ્રોનો ભાગ બન્યો. અગાઉ 2019માં, પ્રજ્ઞેશ ગુણેશ્વરન ફ્રેન્ચ ઓપનના મુખ્ય ડ્રો માટે ક્વોલિફાય થયો હતો. નંબર-2 ખેલાડી જે. સિનર અને એસ. સિત્સિપાસે પણ જીત સાથે શરૂઆત કરી છે. પ્રથમ રાઉન્ડમાં ઈટાલીના સિનરે અમેરિકાના સી. યુબેન્ક્સને 6-3, 6-3, 6-4થી પરાજય આપ્યો હતો. તે જ સમયે, 9મો ક્રમાંકિત એસ સિત્સિપાસે એમ ફુક્સોવિક્સને 7-6, 6-4 અને 6-1થી હરાવ્યો હતો. જાપાનની નાઓમી ઓસાકાએ 3 વર્ષ પછી ફ્રેન્ચ ઓપન જીતી છે, ટોચની ક્રમાંકિત ઈગા સ્વાઈટેક પણ બીજા રાઉન્ડમાં પ્રવેશી છે.

15 મહિનાની પ્રસૂતિ રજા પરથી પરત ફરેલી ઓસાકાએ ઈટાલીની લુસિયા બ્રોન્ઝેટ્ટીને 3 સેટમાં 6-1, 4-6, 7-5થી હરાવી હતી. તે જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયન ઓપનના પ્રથમ રાઉન્ડમાં હારી ગઈ હતી. પોલિશ સ્ટાર ઈગા સ્વાઈટેકે ફ્રાન્સની લિયોલિયા જીનજીનને સીધા સેટમાં 6-1, 6-2થી હરાવી હતી.

# IPL ગ્રાઉન્ડ્સમેન-ક્યુરેટર્સને 25 લાખ રૂપિયા મળશે:BCCIએ ઈનામની જાહેરાત

નવી દિલ્હી તા 28



ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ IPL 2024ના ગ્રાઉન્ડ્સમેન અને પિચ ક્યુરેટર્સ માટે પુરસ્કારોની જાહેરાત કરી છે. IPLની આ સિઝનમાં 10 સ્થળો પર કામ કરતા ગ્રાઉન્ડ્સમેન અને પિચ ક્યુરેટરને 25 લાખ રૂપિયા અને ત્રણ વધારાના સ્થળો (ધર્મશાલા, વિશાખાપટ્ટનમ અને ગુવાહાટી)ને 10 લાખ રૂપિયા મળશે. BCCI સેક્રેટરી જય શાહે સોમવારે આ જાણકારી આપી. તેમણે ટ્વીટ કર્યું, 'અમારી સફળ T20 સિઝનના અનસંગ હીરો ગ્રાઉન્ડ સ્ટાફ છે, જેમણે ખરાબ હવામાનમાં પણ ઉત્તમ પિચ તૈયાર કરી છે. અમે તેમને તેમની મહેનત માટે પુરસ્કાર આપવા માગીએ છીએ. IPLના 10 નિયમિત સ્થળો પર ગ્રાઉન્ડ્સમેન અને પિચ ક્યુરેટરને 25 લાખ રૂપિયા અને ત્રણ વધારાના સ્થળોને 10 લાખ રૂપિયા મળશે. તમારા સમર્પણ અને સખત મહેનત બદલ આભાર.' IPLની આ સિઝન આ સ્થળો પર રમાઈ હતી IPLની આ સિઝન 10 સ્થળો પર રમાઈ હતી. જેમાં ચેન્નઈ, બેંગલુરુ, હૈદરાબાદ, પંજાબ, દિલ્હી, રાજસ્થાન, કોલકાતા, લખનઉ, ગુજરાત અને મુંબઈનો સમાવેશ થાય છે. દિલ્હી કેપિટલ્સ, પંજાબ કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સે પણ તેમની કેટલીક મેચ અન્ય ઘરેલું મેદાન પર રમી હતી. નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ઉપરાંત, દિલ્હી વિશાખાપટ્ટનમમાં રમ્યું, પંજાબ મુલ્લાનપુર ઉપરાંત ધર્મશાલામાં રમ્યું જ્યારે રાજસ્થાને જયપુર ઉપરાંત ગુવાહાટીને તેના બીજા હોમ ગ્રાઉન્ડ તરીકે પસંદ કર્યું. કોલકાતા ચેમ્પિયન બન્યું કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ IPL-2024નું ટાઈટલ જીતી લીધું છે. ટીમે ફાઈનલ મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)ને 8 વિકેટે હરાવ્યું હતું. કોલકાતા આ લીગમાં ત્રીજી વખત ચેમ્પિયન બન્યું છે. ટીમે 10 વર્ષ બાદ આ ખિતાબ જીત્યો છે. છેલ્લે કોલકાતા 2014માં ચેમ્પિયન બન્યું હતું. રવિવારે ચેપોક મેદાન પર હૈદરાબાદે ટૉસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યું અને 18.3 ઓવરમાં 113 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. IPL ફાઈનલનો આ સૌથી ઓછો સ્કોર છે. કોલકાતાએ 10.3 ઓવરમાં 2 વિકેટે ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. IPL ફાઈનલમાં આ સૌથી ઝડપી રન ચેઝ છે. મિચેલ સ્ટાર્ક પ્લેયર ઑફ ધ ફાઈનલ રહ્યો હતો.

# ફિલ્ડિંગ ટીમે ધીમી ગેમ રમી તો મર્યા સમજો:આ ટુર્નામેન્ટમાં પહેલીવાર સ્ટોપ ક્લોક રૂમ લાગૂ થશે

ન્યૂયોર્ક તા 28

2023 ODI વર્લ્ડ કપની મેચ ચેન્નઈમાં પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ચાલી રહી હતી. પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાને 270 રન બનાવ્યા હતા. દક્ષિણ આફ્રિકાએ 4 વિકેટે 200 રન બનાવ્યા હતા. ત્યારબાદ પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમે રમત ધીમી કરી દીધી હતી. બાબર દક્ષિણ આફ્રિકાના બેટર્સનો મોમેન્ટમ તોડવા માગતો હતો. બાબરની યુક્તિ કામ કરવા લાગી અને દક્ષિણ આફ્રિકાનો સ્કોર 260/9 થઈ ગયો. જોકે, દક્ષિણ આફ્રિકા કોઈક રીતે મેચ જીતી ગયું હતું. જો T20 વર્લ્ડ કપનો નવો નિયમ 'સ્ટોપ ક્લોક' લાગુ કરવામાં આવ્યો હોત તો પાકિસ્તાન ઘણા સમય પહેલા હારી ગયું હોત. આ મુજબ, ફિલ્ડિંગ ટીમને સ્લો ઓવર માટે 5 રનનો દંડ કરવામાં આવશે. T-20



વર્લ્ડ કપ 2 જૂનથી અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં શરૂ થઈ રહ્યો છે. જાણો આવી 6 ખાસ વાતો જે પહેલીવાર જોવા મળશે. 1. બે અલગ બોર્ડ હોસ્ટિંગ વેસ્ટ ઈન્ડિઝ અને USA ક્રિકેટ એસોસિયેશનને આ વર્લ્ડ કપની યજમાની મળી છે. પ્રથમ વખત બે બોર્ડ T20 વર્લ્ડ કપનું આયોજન કરશે. અગાઉ, માત્ર એક બોર્ડ દ્વારા 8 વખત ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. 2. અમેરિકા હોસ્ટિંગ અમેરિકાને પહેલીવાર ICCની કોઈ ઈવેન્ટની યજમાની મળી છે. અમેરિકા 2028માં ઓલિમ્પિકની પણ મેજબાની કરશે, જેમાં ક્રિકેટનો સમાવેશ કરવામાં આવ્યો છે. અમેરિકા T20 વર્લ્ડ કપની યજમાની કરનાર બીજો સહયોગી સભ્ય દેશ બનશે. એસોસિયેટ એટલે કે જેમને ICC દ્વારા ટેસ્ટ ક્રિકેટ રમવાનો દરજ્જો આપવામાં આવ્યો નથી. અમેરિકા પહેલાં 2021 T20 વર્લ્ડ કપ સહયોગી દેશ UAEમાં રમાયો હતો. જોકે તેનું આયોજન ભારતે કર્યું હતું, કારણ કે ટુર્નામેન્ટના હોસ્ટિંગ રાઈટ્સ BCCI પાસે હતા. શું એસોસિયેટ બોર્ડ પ્રથમ વખત ICC ટુર્નામેન્ટનું આયોજન કરશે? ના, આ પહેલા એસોસિયેટ સભ્યો ચેમ્પિયન્સ ટ્રોફી અને ODI વર્લ્ડ કપનું આયોજન કરી ચુક્યા છે. 1998માં ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન એસોસિયેટ નેશન બાંગ્લાદેશે કર્યું હતું અને 1999માં ODI વર્લ્ડ કપનું આયોજન ઈંગ્લેન્ડની સાથે સ્કોટલેન્ડ, આયર્લેન્ડ, વેલ્સ અને નેધરલેન્ડ્સે કર્યું હતું. 3. 20 ટીમ પ્રથમ વખત રમશે્ રથમ વખત T-20 વર્લ્ડ કપમાં 20 ટીમ ભાગ લેશે. આ વખતે 20 ટીમને 5 ટીમના 4 જુદા જુદા ગ્રુપમાં વહેંચવામાં આવી હતી. દરેક ગ્રુપની ટોપ 2-2 ટીમ સુપર-8 સ્ટેજના 2 ગ્રુપમાં જશે. અહીં બંને ગ્રુપની ટોપ 2 ટીમ વચ્ચે સેમિફાઈનલ રમાશે, ફાઈનલમાં પહોંચનારી ટીમ 29 જૂને બાર્બાડોસમાં રમશે. ત્રણ ટીમ વર્લ્ડ કપમાં ડેબ્યૂ કરશે 20માંથી 8 ટીમ ટોપ-8 પોઝીશનમાં રહીને 2022 વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થઈ ગઈ છે. રેન્કિંગના આધારે 2 ટીમ મૂકવામાં આવી છે. અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝે યજમાન રાષ્ટ્ર તરીકે ભાગ લીધો છે.

# ટીમ ઈન્ડિયાના હેડ કોચ બનવા માટે મોદી-શાહ-ધોનીએ અરજી કરી?



નવી દિલ્હી તા 28

ટીમ ઈન્ડિયાના નવા હેડ કોચ બનવા માટે અરજી કરવાની તારીખ 27 મે, સોમવાર છેલ્લી હતી. બીસીસીઆઈને આ પ્રોફાઈલ પોસ્ટ માટે 3 હજારથી વધારે અરજી મળી છે. BCCIએ તેના માટે પોતાની વેબસાઈટ પર ગૂગલ ફોર્મ શેર કર્યું હતું, જેના દ્વારા ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ માટે અરજી કરવાની હતી. તેનો જ ફાયદો ઉઠાવીને નકલી અરજીઓનું પુર આવી ગયું. કોઈએ સચિન તેંડુલકર તો કોઈએ નરેન્દ્ર મોદીના નામથી ખોટી અરજીઓ કરી દીધી છે. અનેક સોશિયલ મીડિયા યૂઝર્સે પોતાની એપ્લિકેશન મોકલવા માટે સ્ક્રીનશોર્ટ મોકલવાનું શરૂ કરી દીધું છે. હવે, એક રિપોર્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે જેમણે નોકરી માટે દિગ્ગજોના નામનો ઉપયોગ કર્યો છે, એવી ખોટી અરજીઓની તપાસ BCCIએ કરવી પડી રહી છે. ટીમ ઈન્ડિયાના હેડ કોચ પદ માટે ખોટી અરજી કરનાર લોકોએ સચિન તેંડુલકર, મહેન્દ્ર સિંહ ધોની, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહના નામનો ઉપયોગ કર્યો છે. મોદી, સચિન-ધોનીના નામથી ખોટી અરજીઓ આવી ઈન્ડિયન એક્સપ્રેસના રિપોર્ટ પ્રમાણે ટીમ ઈન્ડિયાના હેડ કોચની અરજીમાં મોદી, શાહ અને સચિન જેવા નામ પણ આવ્યા છે. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે આ વખતે 3 હજારથી વધારે અરજી આવી છે. જોકે, આ વખતે અરજી ગૂગલ ફોર્મ દ્વારા કરવાની હતી. એવામાં જે પણ નામ અરજી માટે આવ્યા છે તેમાં થોડાં નામ ખોટા પણ હોઈ શકે છે.

# IPL ફાઈનલ બાદ ગંભીરની મુલાકાત જય શાહ સાથે થઈ:ટીમ ઈન્ડિયાના હેડ કોચ બનવાની અટકળો તેજ

નવી દિલ્હી તા 28

ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ખેલાડી અને કોલકાતા નાઈટ રાઈડર્સના મેન્ટર ગૌતમ ગંભીરે રવિવારે આઈપીએલ 2024ની ફાઈનલ બાદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના સેક્રેટરી જય શાહ સાથે મુલાકાત કરી હતી. IPLલની આ સિઝનની ફાઈનલ રવિવારે કોલકાતા અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાઈ હતી. જેમાં કોલકાતા હૈદરાબાદને 8 વિકેટે હરાવીને ચેમ્પિયન બન્યું હતું. ગંભીર આ સિઝનમાં કોલકાતાનો મેન્ટર છે. ગંભીર મેચ બાદ જય શાહને મળવા આવ્યો હતો, જેના કારણે તેના ભારતના હેડ કોચ બનવાની અટકળો વધી હતી. રાહુલ દ્રવિડની જગ્યા લેવાની રેસમાં ગંભીર સૌથી આગળ છે. રાહુલ દ્રવિડ હાલમાં ટીમ ઈન્ડિયાના હેડ કોચ છે. તેમનો કાર્યકાળ અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનાર T20 વર્લ્ડ કપ પછી સમાપ્ત થશે. તમારે



ટીમ ઈન્ડિયાના હેડ કોચના પદ માટે 27મી મે સુધીમાં અરજી કરવાની રહેશે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચના પદ માટે અરજીઓ આમંત્રિત કરી છે. બોર્ડે સોમવારે (13 એપ્રિલ) મોડી રાત્રે ઉમેદવારો માટે જાહેરાત બહાર પાડી હતી. ઉમેદવારો 27મી મેના રોજ સાંજે 6 વાગ્યા સુધી અરજી કરી શકશે. ગંભીરને કોચિંગનો અનુભવ નથી 42 વર્ષીય ગંભીરને આંતરરાષ્ટ્રીય કે સ્થાનિક સ્તરે કોચિંગનો કોઈ અનુભવ નથી, તે બે IPL ફ્રેન્ચાઈઝીમાં કોચિંગ સ્ટાફની જવાબદારી સંભાળી ચુક્યો છે. તે IPL 2022 અને 2023માં લખનઉ સુપર જાયન્ટ્સનો મેન્ટર હતો. ત્યાં પોતે 2024 સિઝનમાં KKR સાથે જોડાયો. ગંભીર LSGમાં તેના રોકાણની પ્રથમ બે સિઝનમાં ટીમને પ્લેઓફમાં લઈ ગયો. આ સાથે જ KKRએ આ સિઝનમાં ટાઈટલ જીત્યું છે. એક ખેલાડી તરીકે, ગંભીર 2007માં ભારતની T20 વર્લ્ડ કપ જીત અને 2011માં ODI વર્લ્ડ કપ જીતનો ભાગ હતો. તેણે 2011 થી 2017 સુધીની સાત IPL સિઝન માટે KKR ની કેપ્ટનશિપ કરી અને તેઓ પાંચ વખત પ્લેઓફ માટે ક્વોલિફાય પણ થયા. કેપ્ટન તરીકે તેણે 2012 અને 2014માં બે ટાઈટલ જીત્યા હતા.

# 5 કારણોસર હૈદરાબાદે ચાખવો પડ્યો હારનો સ્વાદ

નવી દિલ્હી તા 28

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની ફાઈનલ મેચ રવિવારે ચેન્નાઈના એમ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચ એકતરફી રહી હતી. આ મેચમાં શ્રેયસ અય્યરની કેપ્ટનશિપમાં કોલકાતા નાઈટ રાઈડર્સે સનરાઈઝર્સ હૈદરાબાદને 8 વિકેટથી પરાજય આપ્યો હતો.

આ મેચમાં હૈદરાબાદ ટીમના કેપ્ટન રેટ કમિન્સ શરૂઆતથી જ ખોટા નિર્ણયો લેતો નજર આવ્યો છે. SRH ફ્રેન્ચાઈઝીએ કમિન્સને ઓક્શનમાં 20.50 કરોડ રૂપિયાની બોલી લગાવીને ખરીદ્યો હતો. ચાલો જાણીએ એ પાંચ કારણ જેણે હૈદરાબાદ પાસેથી છીનવી લીધી IPL ટ્રોફી.. ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય ખોટો આ મેચમાં પેટ કમિન્સે ટોસ જીત્યો હતો. ત્યારબાદ તેણે પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો, જે ખોટો સાબિત થયો. જ્યારે ટોસ બાદ KKRના કેપ્ટન શ્રેયસ અય્યરે કહ્યું હતું કે, જો હું ટોસ જીત્યો હતો તો હું હોલિંગ કરવાનો નિર્ણય લેત, કારણ કે, પ્રથમ ઈનિંગમાં પિચ બોલિંગ માટે સારી હતી.

જ્યારે કમિન્સ પિચને સમજી ન શક્યો અને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કરીને પોતાના જ પગ પર કુહાડી મારી દીધી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી હૈદરાબાદની શરૂઆત જ ખરાબ રહી હતી. હૈદરાબાદે 21 રનો પર જ 3 વિકેટ ગુમાવી દીધી હતી. ઓપનર ટ્રેવિસ હેડ ખાતુ પણ નહોતો ખોલી શક્યો.

જ્યરે શર્માએ 2 અને રાહુલ ત્રિપાઠીએ માત્ર 9 રન બનાવ્યા હતા. આ જ ફ્લોપ ઓર્ડરના કારણે હૈદરાબાદની આખી ટીમ મુશ્કેલીમાં મૂકાઈ ગઈ હતી અને ટીમ માત્ર 113 રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી.

# ઓરેન્જ કેપ જીતવાથી કંઈ પ્રાપ્ત થતું નથી

નવી દિલ્હી તા 28

IPL 2024: SRH vs KKRની રવિવારની ફાઈનલ સાથે હવે IPL 2024ની પૂર્ણાહુતિ થઈ છે. આ સીઝનમાં વિરાટ કોહલીના શાનદાર પ્રદર્શન છતા રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમ ફાઈનલ સુધી પહોંચવાની સોનેરી તક ઝડપી શકી નહિ. એલિમિનેટર મેચમાં હાર સાથે જ RCBની સીઝન પૂર્ણ થઈ હતી પરંતુ સૌથી વધુ રન ફટકારનાર ખેલાડીઓમાં વિરાટ કોહલી ટોચના ક્રમે રહ્યો હતો. ફાઈનલ મેચમાં શાનદાર પ્રદર્શન કરીને આખરે કોલકાતા નાઈટ રાઈડર્સે 10 વર્ષ પછી IPL ટ્રોફી જીતી લીધી છે. IPL 2024ની શરૂઆત પહેલા કોલકાતાએ એક મજબૂત યુનિટ બનાવ્યું હતુ, જેમાં શ્રેષ્ઠ કોચિંગ અને સારા ભારતીય અને વિદેશી ખેલાડીઓ સામેલ હતા. આ પછી તેમને તમામ ખેલાડીઓ એક ટીમ તરીકે સાથે રમ્યા અને KKR ત્રીજી વખત IPL જીત્યું છે.

# રિયાન પરાગની પ્રાઈવેટ ડિટેલ થઈ લીક

IPLની 17મી સિઝનમાં આ વખતે બેટ્સમેનોનો દબદબો રહ્યો અને કેટલાક યુવા ખેલાડીઓએ પણ પોતાના શાનદાર પ્રદર્શનથી સૌના દિલ જીતી લીધા. આમાં રાજસ્થાન રોયલ્સના યુવા ખેલાડી રિયાન પરાગનું નામ પણ સામેલ હતું. જોકે, સિઝનના અંત પછી, પરાગ તેના પર્ફોર્મન્સ માટે નહીં પરંતુ કંઈક અન્ય માટે સમાચારમાં આવ્યો છે. વાસ્તવમાં, તે તેની યુટ્યુબ સર્ચ હિસ્ટ્રી માટે ચર્ચામાં છે, જેમાં કેટલીક વાંધાજનક વસ્તુઓ જોવા મળી હતી. રાજસ્થાન રોયલ્સના આ રાઈટ હેન્ડ બેટ્સમેન યુટ્યુબ પર લાઈવ સ્ટ્રીમિંગ કરવાનું પસંદ છે. આ દરમિયાન, તેના લાઈવ સ્ટ્રીમિંગનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં રિયાન જ્યારે સ્ક્રીન પર યુટ્યુબ ટેબ ખોલે છે,ત્યારે તેની સર્ચ હિસ્ટ્રી દેખાય છે. સર્ચ હિસ્ટ્રીમાં સારા અલી ખાન હોટ અને અનન્યા પાંડે હોટ જેવા ટોપિક દેખાય છે.

# અમેરિકાના આ સ્ટેડિયમમાં ભારત-પાક મેચ રમાશે:ઓસ્ટ્રેલિયામાંથી આવીને પિચ બની

**8 વખતનો ઓલિમ્પિક ગોલ્ડ વિજેતા યુસૈન બોલ્ટ ક્રિકેટ ગ્રાઉન્ડમાં બેટ લઈને ઊભો છે. કોઈ તેમને સામેથી બોલિંગ કરે છે અને તેઓ તેનો ડિફેન્ડ કરે છે. તેના પછી વેસ્ટ ઈન્ડિઝના પ્રખ્યાત ફાસ્ટ બોલર કર્ટની વોલ્શ છે. આ બધું ન્યૂયોર્કમાં થઈ રહ્યું છે. હા, ન્યૂયોર્કના નાસાઉ કાઉન્ટીના ક્રિકેટ સ્ટેડિયમમાં જ્યાં 9 જૂને ભારત-પાકિસ્તાન મેચ રમાવાની છે. આ કામચલાઉ સ્ટેડિયમ લગભગ 250 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું છે. નાસાઉ કાઉન્ટી સ્ટેડિયમના ઉદઘાટન સમારોહ દરમિયાન યુસૈન બોલ્ટ (જમણે). T-20 વર્લ્ડ કપ 2 જૂનથી અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં શરૂ થવા જઈ રહ્યો છે. 21 મેના રોજ યુસૈન બોલ્ટે ન્યૂયોર્કમાં આ અસ્થાયી સ્ટેડિયમનું ઉદઘાટન કર્યું હતું. આમાં ઓસ્ટ્રેલિયામાં બનેલી પિચનો ઉપયોગ કરવામાં આવશે. સાથે જ દર્શકોના બેસવા માટે ફોર્મ્યુલા-1 સ્ટેન્ડ પણ લગાવવામાં આવ્યા છે. ભારત-પાકિસ્તાન મેચની સાથે અહીં વર્લ્ડ કપની કુલ 8 મેચ રમાવાની છે.**

અમેરિકા તા 28

નસાઉ કાઉન્ટી સ્ટેડિયમ વિશે વિગતો જાણો... તેને મોડ્યુલર સ્ટેડિયમ કેમ કહેવામાં આવે છે? નસાઉ કાઉન્ટી સ્ટેડિયમ એ ક્રિકેટનું પ્રથમ મોડ્યુલર સ્ટેડિયમ છે. એટલે કે તેની પિચ, સ્ટેન્ડ વગેરે ટુર્નામેન્ટ માટે ભેગા કરવામાં આવ્યા હતા. મોડ્યુલર સ્ટેડિયમ સ્ટીલ અને સરળતાથી એસેમ્બલ તત્ત્વોનો ઉપયોગ કરે છે. આનાથી જમીન ઊભી કરવામાં સમય અને નાણાં બંનેની બચત થાય છે. નસાઉ સ્ટેડિયમે બર્મુડા ગ્રાસ પણ સ્થાપિત કર્યું છે, જેનો ઉપયોગ બેઝબોલ અને ફૂટબોલના મેદાનમાં થાય છે. વર્લ્ડ કપ બાદ આ સ્ટેડિયમને ફરીથી પાર્કમાં ફેરવવામાં આવશે. તેનો અર્થ એ છે કે તે એક અસ્થાયી સ્ટેડિયમ છે, જેનો ઉપયોગ ક્રિકેટ ઉપરાંત અન્ય રમતો રમવા માટે થઈ શકે છે. મોડ્યુલર સ્ટેડિયમ કેમ બનાવ્યું? સમયની તંગી અને પર્યાવરણીય ટકાઉપણું એ બે મહત્ત્વપૂર્ણ કારણો હતાં. કંપનીએ છ મહિનામાં સ્ટેડિયમ તૈયાર કરવાનું હતું. આટલા ઓછા સમયમાં મોડ્યુલર સ્ટેડિયમ સિવાય કોઈ વિકલ્પ નહોતો. મોડ્યુલર સ્ટેડિયમના નિર્માણથી મેદાનની આસપાસના પર્યાવરણ પર કોઈ વિપરીત અસર થઈ નથી. ટુર્નામેન્ટ પછી મેદાન તેની પૂર્વ ટુર્નામેન્ટ સ્થિતિમાં સ્થાનિક સમુદાયને પરત કરવામાં આવશે. મોડ્યુલર સ્ટેડિયમની જાળવણી માટે ઓછા પૈસા ખર્ચ થાય છે. કારણ કે એકવાર કામ થઈ જાય પછી તેને ખાલી જમીન તરીકે રાખી શકાય છે. જેની જાળવણી કરવાની જરૂર નથી. શહેરોમાં જ્યાં દર વર્ષે માત્ર 1-2 રમતગમતની પ્રવૃત્તિઓ થાય છે, ત્યાં મોડ્યુલર ગ્રાઉન્ડનો ખ્યાલ ઝડપથી વધી રહ્યો છે. ક્ષમતા કેટલી હશે? ન્યૂયોર્કના સ્ટેડિયમમાં 34 હજાર દર્શકો બેસી શકશે. સ્ટેડિયમમાં સામાન્ય સ્ટેન્ડ ઉપરાંત VIP લાઉન્જ અને પ્રેસ બોક્સ પણ તૈયાર કરવામાં આવ્યા છે.



**ક્રિકેટમાં ડ્રોપ-ઇન પિચનો ઉપયોગ નવો નથી :** T20 વર્લ્ડ કપમાં સતત બીજી વખત ડ્રોપ-ઈન પિચનો ઉપયોગ કરવામાં આવશે. ઓસ્ટ્રેલિયાના એડિલેડ ઓવલ મેદાન પર ડ્રોપ-ઈન પિચ 2013થી ઉપયોગમાં લેવામાં આવી રહી છે, જ્યાં 2022 T20 વર્લ્ડ કપની મેચ યોજાઈ હતી. ન્યૂઝીલેન્ડમાં, ઓકલેન્ડના ઈડન પાર્ક સ્ટેડિયમમાં ડ્રોપ-ઈન પિચ પણ સ્થાપિત કરવામાં આવી છે. ન્યૂયોર્ક સ્ટેડિયમમાં કેટલી મેચ યોજાશે? ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચની સાથે નાસાઉ સ્ટેડિયમમાં ગ્રૂપ સ્ટેજની કુલ 8 મેચ રમાશે.

## ડ્રોપ-ઇન પિચ શા માટે રજૂ કરવામાં આવી?

બોર્ડને ટી20 વર્લ્ડ કપ માટે સ્ટેડિયમ અને પિચ તૈયાર કરવા માટે બહુ ઓછો સમય મળ્યો હતો. તેથી ડ્રોપ-ઈન પિચ ઓસ્ટ્રેલિયામાં બનાવીને અમેરિકામાં પહોંચાડવામાં આવી હતી. અમેરિકાની લેન્ડટેક કંપનીના સહયોગથી એડિલેડ ઓવલ ટર્ફ સોલ્યુશન્સ કંપનીએ પિચ બનાવી છે. આ પ્રોજેક્ટનું નેતૃત્વ એડિલેડ સ્ટેડિયમના હેડ પિચ ક્યુરેટર ડેમિયન હોગે કર્યું.

## ગયા વર્ષે જ ડલાસમાં સ્ટેડિયમ પૂર્ણ થયું હતું

ન્યૂયોર્ક ઉપરાંત T20 વર્લ્ડ કપની 4-4 મેચ અમેરિકાના ડલ્લાસ અને ફ્લોરિડા શહેરોમાં પણ યોજાશે. ડલ્લાસમાં ગ્રાન્ડ પ્રેઈરી સ્ટેડિયમ પણ વર્ષ 2023માં પૂર્ણ થયું હતું, અહીં મેજર લીગ ક્રિકેટ મેચ યોજાઈ હતી. અગાઉ સ્ટેડિયમમાં બેઝબોલ મેચ યોજાતી હતી. ફ્લોરિડામાં આ સ્ટેડિયમ 2007માં બનાવવામાં આવ્યું હતું, પરંતુ આ પહેલાં પણ ત્યાં ક્રિકેટ, રગ્બી અને ફૂટબોલની મેચ રમાતી હતી. 2015 ODI વર્લ્ડ કપની મેચ અહીં યોજાઈ હતી.

**સંક્ષિપ્ત સમાચાર**

## રફાહ હુમલામાં હમાસના બે કમાન્ડર્સનો ખાત્મો: ઇઝરાયેલી આર્મીના પ્રવક્તા

તેલ અવિવ : ઈઝરાયેલી ડીફેન્સ ફોર્સે જાહેર કર્યું હતું કે તેણે રફાહમાં આવેલા એક બંગલાનાં કમ્પાઉન્ડમાં નિશ્ચિત પ્રહાર કરી શકે તેવા શસ્ત્રોથી હુમલા કર્યા હતા, કારણ કે તે બંગલામાં હમાસ ત્રાસવાદીઓ છુપાયા હોવાની તેમને નિશ્ચિત જાસૂસી માહિતી મળી હતી.

ઈઝરાયેલી લશ્કરના પ્રવક્તાએ આ માહિતી આપતા વધુમાં જણાવ્યું હતું કે, નિશ્ચિત જાસૂસી માહિતીના આધારે નિશ્ચિત પ્રહાર કરી શકે તેવા શસ્ત્રો વાપરી તેમણે કરેલા હુમલામાં વેસ્ટ-બેન્કના હમાસ લશ્કરના ચીફ ઓફ સ્ટાફ તથા હમાસ ઈસ્લામિક ગ્રુપ એક અન્ય લશ્કરી અધિકારીને જન્નત નશીન કરી દેવામાં આવ્યા હતા. બીજી તરફ પેલેસ્ટાઈનની હેલ્થ એન્ડ સિવિલ ઈમર્જન્સી સર્વિસના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલે ૭ ઓક્ટો. ૨૦૧૩ના દિવસે દક્ષિણ ઈઝરાયેલ પર કરેલા હુમલાનું વેર વાળવા ઈઝરાયેલે શરૂ કરેલા પ્રચંડ આક્રમણને લીધે વિસ્થાપિત થયેલા સેંકડો પેલેસ્ટાઈનીઓ ઉત્તરનું ગાઝા છોડી દક્ષિણમાં આવેલા રફાહમાં જઇ વસ્યા છે.

પોસ્ટ 'ઠ' ઉપર જણાવ્યું હતું કે, હવે હમાસ તેલ અવીવ ઉપર રોકેટ દ્વારા હુમલા કરે છે. આથી મધ્ય ઈઝરાયેલમાં પણ સાયરેન્સ વાગતી સાંભળવા મળે છે તેથી પરિસ્થિતિ વધુ વણસી છે. આ તબક્કે ઈઝરાયેલ-હમાસ યુદ્ધના પાંચ મહત્વના મુદ્દાઓ જોઈએ તો (૧) હમાસે પહેલેથી જ ઈઝરાયેલ સામે 'જીહાદ' જગાવવા મુસ્લીમ જગત, ખાસ કરીને આરબ જગતને અનુરોધ કર્યો છે. સાથે ગાઝા અને વેસ્ટ બેન્કમાં ઈઝરાયેલે કરેલા ભયંકર હુમલાઓનું વર્ણન પણ 'ઠ' પોસ્ટમાં કર્યું છે.

## પાકિસ્તાન માં ફેલાઇ રહ્યો છે આ ગંભીર વાયરસ

પાકિસ્તાને નાગરિકો માટે બકરીઈદ પહેલા ક્રિમિઅન-કોંગો હેમરેજિક ફીવરથી પોતાને બચાવવા માટે એડવાઈઝરી જારી કરી છે. તે વાયરલ તાવ છે જે ટિક દ્વારા ફેલાય છે. દુનિયાભરમાં ઈદ ઉલ અઝહાની તૈયારીઓ થઈ રહી છે. પરંતુ બકરીઈદ પહેલા પાકિસ્તાનમાં ખતરનાક વાયરસનો ખતરો છે. તેનું નામ ક્રિમિઅન-કોંગો હેમરેજિક ફીવર (Crimean-Congo hemorrhagic fever) છે. તેને કોંગો વાયરસ પણ કહેવામાં આવે છે. દેશની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થે પણ નાગરિકો માટે વાયરસથી રક્ષણ અંગે એડવાઇઝરી જારી કરી છે. ચાલો જાણીએ કે કોંગો ફીવર શું છે અને શા માટે તે દર વર્ષે પાકિસ્તાન માટે માથાનો દુખાવો બની જાય છે. CCFH એ વાઈરલ તાવ છે જે બગાઈના નાઈરોવાયરસ (કરોળિયાથી સંબંધિત)ને કારણે થાય છે. ગયા વર્ષે પણ પાકિસ્તાનમાં કોંગો વાયરસનો પ્રકોપ જોવા મળ્યો હતો. 2023 માં, પાકિસ્તાનમાં આ તાવના 101 કેસ નોંધાયા હતા, જેમાંથી એક ચતુર્થાંશ લોકો મૃત્યુ પામ્યા હતા. હાલમાં આ રોગનો કોઈ ઈલાજ કે રસી નથી.

કોંગો ફીવર શું છે, વાયરસ કેવી રીતે ફેલાય છે?

CCHF ને ગંભીર વૈશ્વિક આરોગ્ય ખતરો ગણવામાં આવે છે. તેના કેસ એશિયા, આફ્રિકા, યુરોપ અને મધ્ય પૂર્વમાં નોંધાયા છે.

## દુનિયાના 60 થી વધુ દેશો આજે પણ છે ગુલામ, જાણો કેમ

આજે પણ દુનિયામાં 60 થી વધુ એવા દેશ છે જે ગુલામીની સાંકળોમાં જકડાયેલા છે. આ મુખ્યત્વે આઠ દેશોના નાના ટાપુઓ અને વસાહતો છે. અહીં લોકોએ આ દેશોના નિયમો અને કાયદાઓનું પાલન કરવું પડે છે.150 વર્ષથી વધુ સમયથી ફ્રેન્ચ સરકાર હેઠળ રહેતા ટાપુવાસીઓ હવે સ્વતંત્રતા ઈચ્છે છે. હાલમાં ફ્રાન્સની મેક્રોન સરકારે ટાપુ પર ઈમરજન્સી લાદી દીધી છે. ત્યારે તમને જણાવી દઈએ કે ન્યુ કેલેડોનિયા જેવા વિશ્વના કેટલાક દેશો હજુ પણ ગુલામ છે. આજે પણ દુનિયામાં 60 થી વધુ એવા દેશ છે જે ગુલામીની સાંકળોમાં જકડાયેલા છે. આ મુખ્યત્વે આઠ દેશોના નાના ટાપુઓ અને કિંગડમ અને 14 પર યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા શાસન કરવામાં આવે છે. અહીં લોકોએ આ દેશોના નિયમો અને કાયદાઓનું પાલન કરવું પડે છે. મુખ્યત્વે ફેરો આઈલેન્ડ, ગ્રીનલેન્ડ, અરુબા, નેધરલેન્ડ એન્ટિલેસ, ફ્રેન્ચ ગુયાના, ફ્રેન્ચ પોલિનેશિયા, ટ્રોમેલિન આઈલેન્ડ, એન્ગ્વિલા, બર્મુડા, જિબ્રાલ્ટર, અમેરિકન સમોઆ, હોલેન્ડ આઈલેન્ડ, પ્યુર્ટો રિકો એવા દેશો છે,

## અબુધાબીમાં 1 જૂનથી અમલમાં આવશે નવા નિયમ, ખાવા-પીવાનું થઇ જશે મુશ્કેલ

UAE, તેની ઊંચી ઈમારતો અને વૈભવી જીવન માટે વિશ્વ ભરમાં ખૂબ જ જાણીતુ છે, આજકાલ અબુધાબી સહિત અખાતના અનેક દેશ પર્યાવરણીય ફેરફારોનો સામનો કરી રહ્યા છે. ક્યારેક અહીં ભારે ગરમી પડે છે, તો ક્યારેક ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. અબુધાબી સહીતના અખાતના દેશમાં ઝડપી આધુનિકીકરણને કારણે ઘણી સમસ્યાઓ ઉભી થવા લાગી છે. હવે અબુધાબીની સરકારે આને રોકવા માટે આકરા પગલાં લેવાનું શરૂ કર્યું છે. અબુ ધાબી સિંગલ યુઝ પ્લાસ્ટિક પોલિસી મે 2020 માં લાગુ કરવામાં આવી હતી. આ નીતિ હેઠળ, તમામ છૂટક વિક્રેતાઓ પર સિંગલ-યુઝ પ્લાસ્ટિક બેગના વેચાણ પર પ્રતિબંધ 1 જૂન, 2022 થી લાગુ કરવામાં આવ્યો હતો. જે બાદ આ બેગનો ઉપયોગ 95% ઘટી ગયો છે.યુએઈના આવશે. સ્ટાયરોફોમ ઉત્પાદનોમાં સિંગલ-યુઝ કપ, ઢાંકણા, પ્લેટ્સ, પીણાના કન્ટેનર અને ખાદ્ય કન્ટેનરનો સમાવેશ થાય છે. આ ઉત્પાદનો દરિયાઈ પ્રદૂષણમાં વધારો કરતા હોવાનું મુખ્ય કારણ ગણવામાં આવી રહ્યું છે.

### રનવે પર દોડી રહ્યું હતું, ત્યારે ધુમાડો દેખાયો; તમામ 148 મુસાફરો સુરક્ષિત

# યુનાઇટેડ એરલાઇન્સની ફ્લાઇટના એન્જિનમાં આગ લાગી



અમેરિકા તા 28

અમેરિકામાં સોમવારે (27 મે)ના રોજ ફ્લાઇટના એન્જિનમાં ટેક ઓફ દરમિયાન આગ લાગી હતી. શિકાગોના ઓ'હારે ઈન્ટરનેશનલ એરપોર્ટ પર યુનાઈટેડ એરલાઈન્સની ફ્લાઈટમાં આ અકસ્માત થયો હતો. ફ્લાઈટમાં 148 મુસાફરો અને 5 ક્રૂ મેમ્બર સવાર હતા. આગની માહિતી મળતાની સાથે જ વિમાનને એરપોર્ટ પર રોકી દેવામાં આવ્યું હતું અને મુસાફરો અને ક્રૂ મેમ્બર્સને બહાર કાઢવામાં આવ્યા હતા. અકસ્માતને કારણે એરપોર્ટ પરની તમામ ફ્લાઈટ્સ 45 મિનિટ માટે રોકી દેવામાં આવી હતી.એરપોર્ટ પર હાજર ઈમરજન્સી ટીમે લોકોને બચાવી લીધા હતા.વિમાનની અંદર બેઠેલા એક પેસેન્જરે આ ઘટનાનો વીડિયો બનાવ્યો, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ દરમિયાન મુસાફરે ઘટનાની માહિતી પણ જણાવી હતી. તેણે કહ્યું- મને મારી વિન્ડો પાસે કંઈક થયું હોવાનું લાગ્યું. જ્યારે મેં વિન્ડોમાં જોયું તો એન્જિનમાં આગ લાગી હતી અને વિમાનની પાંખમાંથી ધુમાડો નીકળી રહ્યો હતો.

**એરલાઈન્સે મુસાફરોની માફી માંગી :** હવે એવિએશન ઈમિગ્રેશન સમગ્ર મામલાની તપાસ કરી રહ્યું છે. એરલાઈન્સે મુસાફરોની માફી માંગી હતી અને મુસાફરો માટે બીજી ફ્લાઈટની વ્યવસ્થા કરી હતી. ઘટનાના 4 કલાક બાદ બીજી ફ્લાઈટે ઉડાન ભરી હતી.અમેરિકન ન્યૂઝ ચેનલ ફોક્સ અનુસાર, એરપોર્ટ ઓથોરિટીએ પણ આ વાતની પુષ્ટિ કરી છે. અધિકારીઓએ જણાવ્યું કે યુનાઈટેડ ફ્લાઈટ 2091, એક એરબસ A320 એ સોમવારે રાત્રે ભારતીય સમય અનુસાર લગભગ 11:30 વાગ્યે વોશિંગ્ટન માટે ઉડાન ભરી હતી, ત્યારે આ અકસ્માત થયો હતો.

**ન્યૂયોર્ક પોસ્ટ અનુસાર :** એરબસ A319 એ 10 જાન્યુઆરીએ લગભગ બપોરે 3:42 કલાકે ઉડાન ભરી હતી. થોડીવાર પછી, પાઈલટને સમજાયું કે દરવાજો ખુલ્લો હોવાનો સંકેત આપતી લાઈટ ચાલુ હતી. આ પછી, સાવચેતી દાખવતા, પાયલોટે તાત્કાલિક ઈમરજન્સી લેન્ડિંગની જાહેરાત કરી. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ ફ્લાઈટ અવેરના જણાવ્યા અનુસાર, પ્લેનનું ઈમરજન્સી લેન્ડિંગ ટેકઓફના લગભગ 50 મિનિટ બાદ થયું હતું.

દિલ્હી એરપોર્ટ પર વારાણસી જતી ઈન્ડિગો ફ્લાઈટ (6E2211)માં મંગળવારે સવારે ટેકઓફ પહેલા બોમ્બ લખેલું એક ટિશ્યુ પેપર મળી આવ્યું હતું. તેને ધમકીની આશંકા માનવામાં આવી હતી. આ પછી ક્રૂ મેમ્બરોએ તમામ મુસાફરોને ઈમરજન્સી ગેટમાંથી બહાર કાઢ્યા હતા. કેટલાક મુસાફરો વિમાનની પાંખ પર ચાલીને બહાર નીકળ્યા હતા. દિલ્હી એરપોર્ટ પર QRT અને બોમ્બ ડિસ્પોઝલ ટીમને બોલાવવામાં આવી હતી. વિમાનમાં તપાસ કરવામાં આવી હતી, પરંતુ અધિકારીઓને કંઈપણ શંકાસ્પદ મળ્યું ન હતું. એરપોર્ટ અધિકારીઓએ જણાવ્યું હતું કે વોશરૂમમાંથી ટિશ્યુ પેપર મળી આવ્યું હતું અને સવારે 5.35 વાગ્યે તેની જાણ કરવામાં આવી હતી. હાલ મામલાની તપાસ ચાલી રહી છે.આ મહિનો એટલે કે 1 મેથી અત્યાર સુધીમાં 28 દિવસમાં એરપોર્ટ, સ્કૂલ, હોસ્પિટલ સહિત બોમ્બની ધમકીની આ આઠમી ઘટના છે.

# ઉત્તર કોરિયા બીજો જાસૂસી ઉપગ્રહ લોન્ચ કરશે: જાપાનને જાણકારી માહિતી

ઉત્તર કોરિયા તા 28

ઉત્તર કોરિયા ટૂંક સમયમાં જાસૂસી ઉપગ્રહ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે. ઉત્તર કોરિયાએ પોતે જ આ જાણકારી જાપાનને આપી છે. આ વાતની પુષ્ટિ કરતા જાપાન કોસ્ટ ગાર્ડે કહ્યું કે ઉત્તર કોરિયા 28 મેથી 4 જૂનની વચ્ચે સેટેલાઇટ લોન્ચ કરવા જઈ રહ્યું છે. જો કે ઉત્તર કોરિયાએ આ પ્રક્ષેપણ માટે કોઈ તારીખ આપી નથી. સમાચાર એજન્સી એપીના અહેવાલ મુજબ, ઉત્તર કોરિયાએ જાપાનને સેટેલાઇટ લોન્ચિંગ વિશે માહિતી આપી છે કારણ કે જાપાનીઝ કોસ્ટ ગાર્ડ પૂર્વ એશિયામાં દરિયાઈ સુરક્ષાની માહિતી શેર કરે છે.દક્ષિણ કોરિયા, જાપાન અને ચીનના નેતાઓ સોમવારે તેમની પ્રથમ ત્રિપક્ષીય બેઠક માટે એકસાથે આવ્યા હતા. આ દરમિયાન ઉત્તર કોરિયાના આ પગલાની માહિતી સામે આવી છે. જાપાનના પીએમ ફ્યુમિયો કિશિદાએ અમેરિકા, દક્ષિણ કોરિયા અને અન્ય દેશોને આ મામલે હસ્તક્ષેપ કરવા કહ્યું છે. તેમણે કહ્યું કે આ દેશોએ આ કોઈપણ કટોકટીના કિસ્સામાં યોગ્ય પગલાં લેવા માટે પણ તૈયાર રહો.



**દ.કોરિયાની સેનાએ પણ પુષ્ટિ કરી છે કે તેને માહિતી મળી છે કે ઉત્તર કોરિયા જાસૂસી સેટેલાઈટ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે દક્ષિણ કોરિયાની સેનાએ પણ તેની પુષ્ટિ કરી છે**

## ચીને વોર ગેઇમ્સ પૂરી કર્યાના બીજે દિવસે અમેરિકાના સાંસદો તાઇવાન પહોંચ્યા

વોશિંગ્ટન/તાઈપી : અમેરિકાના સાંસદોનું એક પ્રતિનિધિ મંડળ રવિવારથી તાઈવાનની પાંચ દિવસની મુલાકાતે પહોંચી ગયું છે. તેમ અમેરિકી દૂતાવાસની ફરજ બજાવતી અમેરિકન-ઈન્સ્ટીટયુટે જણાવ્યું છે. આ મુલાકાતનું મહત્વ તે છે કે એક તરફ ચીને વોર ગેઈમ્સ દ્વારા તાઈવાનને ડરાવવાનું જોરદાર રીતે શરૂ કરી દીધું છે. તે વોર ગેઈમ્સ પૂરી થવા આવી ત્યારે તાઈવાનના નવ નિર્વાચિત પ્રમુખ લાઈ ચિંગ તેએ તેઓના પૂર્વેનાં નિવેદનમાંથી યુ-ટર્ન લઈ ચીન સાથે સહકાર સાધવા રવિવારે ચીન સમક્ષ પ્રસ્તાવ મુક્યો હતો. સાથે ચીનને શુભેચ્છાઓ પણ પાઠવી હતી. આથી સહજ રીતે અમેરિકા સચિંત બની ગયું હતું. તેથી અમેરિકાના હાઉસ ઓફ રેપ્રિઝેન્ટેટીવ્સની વિદેશ નીતિ અંગેની સમિતિના અધ્યક્ષ માઈકલ મેકકૌલના નેતૃત્વ નીચે બંને પક્ષોના મળી ચાર અન્ય સભ્યોની સમિતિ તાઈવાન પહોંચી ગઈ છે. તે સમિતિ રવિવારથી ગુરુવાર તેમ પાંચ દિવસ સુધી તાઈવાન રોકાવાની છે અને સોમવાર સવારથી તેણે ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા સ્થાપવા શા પગલા લેવા જરૂરી છે તે વિષે તાઈવાનના પ્રતિનિધિ મંડળ સાથે મંત્રણા શરૂ કરી દીધી છે. ચીન આથી ગિન્નાયું હતું અને આ પ્રતિનિધિ મંડળની કાર્યવાહી શી હશે તેનું સ્પષ્ટ અનુમાન બાંધી તેને અમેરિકાને ચેતવણી પણ આપી દીધી હતી. સહજ છે કે અમેરિકા આવી ચેતવણીને ગણકારે તેમ નથી. આ અંગે મેક-કૌલે એક નિવેદન દ્વારા જણાવ્યું હતું કે તાઈવાન એક સક્રિય અને આગળ વધતો લોકશાહી દેશ છે, આથી તાઈવાન સહાયની ખાતરી આપવા માટે તાઈવાનના પ્રમુખ લાઈ પિંગ-તેએ અમેરિકાના પ્રમુખ જો બાયડેનનો આભાર માન્યો હતો. જો કે અમેરિકાના સાંસદોની પાંચ દિવસની મુલાકાત થોડામાં ઘણું કહી જાય છે.

# રશિયા તાલિબાનને આતંકવાદી સંગઠનોની યાદીમાંથી હટાવશે



રશિયા તા 28

રશિયા તાલિબાનને પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોની યાદીમાંથી હટાવશે. રશિયાની સરકારી સમાચાર એજન્સી RIA નોવોસ્તીએ આ માહિતી આપી છે. રિપોર્ટ અનુસાર, રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે કહ્યું કે, કઝાકિસ્તાને તાલિબાનને લઈને હાલમાં આ નિર્ણય લીધો છે અને અમે તેને વહેલીતકે લાગુ પણ કરીશું. લાવરોવે કહ્યું, 'તાલિબાન એક સાચી તાકાત છે. અમે તેમનાથી અલગ નથી. મધ્ય એશિયામાં અમારા સહયોગી પણ તેમનાથી અલગ નથી.' રશિયાએ અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજાના ત્રણ વર્ષ બાદ આ નિર્ણય લીધો છે. ખરેખરમાં, ગયા વર્ષના અંતમાં કઝાકિસ્તાને પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોની યાદીમાંથી તાલિબાનને હટાવી દીધું હતું. તાલિબાન રશિયા પાસેથી ઓઈલ ખરીદવા માંગે છે રશિયાએ પણ તમામ પ્રતિબંધો છતાં તાલિબાન સાથે પોતાના સંબંધો જાળવી રાખ્યા છે. જો કે, તેઓએ હજુ સુધી તાલિબાનને અફઘાનિસ્તાનની સરકાર તરીકે માન્યતા આપી નથી. રશિયાએ સેન્ટ પીટર્સબર્ગમાં યોજાનાર ઈન્ટરનેશનલ ઈકોનોમિક ફોરમમાં તાલિબાનને પણ આમંત્રણ આપ્યું છે. આ ઈવેન્ટ 5-8 જૂનના રોજ યોજાશે. રશિયન મીડિયા TASSના અહેવાલ મુજબ અફઘાનિસ્તાને પણ રશિયા પાસેથી ઓઈલ ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી છે. પશ્તો ભાષામાં તાલિબાનનો અર્થ 'વિદ્યાર્થી' થાય છે.

## પાપુઆ ન્યુ ગિનીમાં 2 હજાર લોકો કાટમાળ નીચે દટાયા

મેલબોર્ન તા 28

